25-5-96



કહાન સં. ૧૬
સં. ૨૦૫૨ (૬૩૧) * આત્મધર્મ * (અંક-૧૧
વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૨
મે, ૧૯૯૬

[તા. ૨૦-૫-૯૬]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

બૃહદ્ મુંબઈનિવાસી શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવક મંડળ દ્વારા અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આનંદોલ્લાસસહ ઉજવાયેલો

## ૧૦૭મો શ્રી કહાનગુરુ-જન્મોત્સવ

બૃહદ્ મુંબઈનિવાસી શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવક-મંડળ દ્વારા ઉજવાયેલ આપણા તારણહાર, અધ્યાત્મયુગપ્રવર્તક, સ્વાનુભૂતિ માર્ગપ્રકાશક, સ્વાનુભવવિભૂષિત, પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૧૦૭મા મંગલ જન્મોત્સવની શાન–શોભા અદ્ભુત હતી.

જન્મોત્સવની શોભા વધારવામાં યુવકમંડળના સભ્યોએ તન–મન–ધનથી તેમ જ ગુરુભક્તિથી ઉત્સાહપૂર્ણ સહયોગ આપ્યો હતો. ગુરુજન્મોત્સવના પ્રચાર માટે તેઓએ બૃહદ્ મુંબઈના જુદા જુદા ઉપનગરોમાં સ્થાનિક મુમુક્ષુમંડળના આશ્રયે 'સાંજી'–ભક્તિના આયોજનની પ્રેરણા આપીને, બૃહદ્ મુંબઈમાં દૂર દૂર રહેનારા મુમુક્ષુઓને ગુરુભક્તિની મંગળછાયામાં એકત્રિત થવાનો સ્વર્ણિમ અવસર ઊભો કર્યો હતો. ફળસ્વરૂપે વિશાળ સંખ્યામાં સોનગઢ આવીને ગુરુજન્મજયંતી ઉજવવાનું સૌભાગ્ય મુમુક્ષુઓને પ્રાપ્ત થયું હતું.

સમગ્ર મુમુક્ષુસમાજનો ઉલ્લાસભીનો ઉત્સાહ જોઈને એવો અનુભવ થયો હતો કે જૈન-જગતમાં જે મહિમા દેવાધિદેવ તીર્થંકર ભગવંતોના જન્મકલ્યાણક અવસરનો છે તેવો મહિમા મુમુક્ષુહૃદયમાં તીર્થંકરોપમ-તારણહાર આપણા પરમોપકારી કહાનગુરુદેવના મંગલ જન્મદિનનો છે. ખરેખર, એવા અસાધારણ ઉપકારમેરુ સ્વાનુભૂતિ માર્ગપ્રકાશક અધ્યાત્મ-યુગસ્રષ્ટાના જન્મના કારણે વૈશાખ સુદ બીજ મુમુક્ષુઓનો પાવન પર્વ બની ગઈ.

દેશવિદેશના ૪૦૦૦થી અધિક પધારેલ મુમુક્ષુ મહેમાનો સહિત આપણા આદરણીય આદર્શ આત્માર્થી ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલભાઈ શાહની ગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં તા. ૧૫ એપ્રિલથી તા. ૧૯ એપ્રિલ સુધી ઉજવાયેલ આ મંગલ અવસર ખરેખર તો ધર્મપ્રભાવના–વર્ધક તેમ જ આનંદપ્રદ રહ્યો હતો.

ગુરુજન્મોત્સવના આ ભવ્ય અવસરે પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેમની સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મરસભરી ઓડિયો–ધર્મચર્ચા, જિનેન્દ્રદર્શનપૂજા, ગુરુમહિમા આલેખિત ભવ્ય 'બેનર' તેમ જ અન્ય વિવિધ ભવ્ય શ્રૃંગારોથી સુશોભિત મનોજ્ઞ પંડાલમાં સવાર–સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર તેમ જ શ્રી બહેનશ્રીનાં વચનામૃત પર ટેપ–પ્રવચનો, આદરણીય શ્રી હિમ્મતભાઈના વૈરાગ્યસભર મધુર સ્વર દ્વારા

[અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૨૫]

કહાન સંવત-૧૬ વર્ષ-૫૨ અંક-૧૧ [ ૬૩૧ ]

વીર સંવત ૨૫૨૨ સં. ૨૦૫૨ MAY A. D. 1996






શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૭ ]

અરે ભાઈ! તું વિચાર તો કર કે તું કોણ છો? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તાસ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે. એ ખરેખર જૈનદર્શન છે. આહાહા! જૈનદર્શન આકરું બહુ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. કેમકે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા! ભાઈ! માર્ગ

આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્ય-ગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે. —પૂજ્ય ગુરુદેવ

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર એટલે ક્રમબદ્ધનો અધિકાર છે. આ આત્મા અને જડ આદિ પદાર્થો છે, તેનો જે સમયે જે પર્યાય થવાનો છે તે થવાનો છે. એવો ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય જેણે કર્યો તેને સર્વવિશુદ્ધજ્ઞાન આત્મામાં અભેદપણે થતું જાય છે. ત્રણકાળના જેટલા સમયો છે, તેટલી જીવની પર્યાયો છે, અને પરમાણુમાં પણ ત્રણકાળના જેટલા સમયો છે તેટલી પર્યાયો છે, તેમની પર્યાયનો જે નંબર હોય તે જ હોય. જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય—એવું કેવળજ્ઞાનીએ જોયું છે, અને પદાર્થનો પણ એવો જ સ્વભાવ છે. જેમ પચાસમા નંબરની ચીજ એકાવનમા નંબરની ન થાય. તેમ આત્માદિ પદાર્થમાં અનંત સમય પછીની પર્યાય જ્યાં હોય ત્યાં જ હોય, આગળ-પાછળ ન હોય. એક પર્યાય ખાલી પડે તો દ્રવ્ય સાબિત ન થાય. આ વાત સાંભળવામાં ન આવે તો તે ગ્રહણ ને ધારણામાં ન આવે અને પછી રુચિ તો કેવી રીતે કરે? ન જ કરે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તમ્ સત્ છે. પૂર્વ પર્યાયનો વ્યય, નવી પર્યાયનો ઉત્પાદ ને બન્ને અંશોમાં ટકતું તત્ત્વ ધ્રુવ છે.

શ્રોતા :—જે સમયે જે પર્યાય થવાની તે થવાની, આગળ-પાછળ નથી—એમ માનવામાં આવે તો તેમાં પુરુષાર્થ ક્યાં આવ્યો?

પૂજ્ય ગુરુદેવ:—આ આત્મા સિવાયના અનંતા પદાર્થોમાં ક્રમબદ્ધપર્યાય થાય છે. શરીર, છોકરા આદિની જે અવસ્થા થવાની તે થવાની છે માટે પરનું કરવાનું રહેતું નથી. ત્યાં અનંતા પદાર્થોના કર્તાપણાનો અહંકાર ઊડી ગયો. પોતાનામાં પણ ક્રમબદ્ધ પર્યાય થાય છે—એમ નિર્ણય કરતા નિમિત્ત, રાગ અને પર્યાયની રુચિ છૂટી જાય છે ને સ્વભાવની રુચિ થાય છે અને તે જ સમ્યગ્દર્શન છે અને તે જ ખરો પુરુષાર્થ છે. તે વખતે જે થવાનું હતું તે જ થયું, તે ભવિતવ્ય અને તેનો નિર્ણય કરતાં કર્મનો અભાવ થયો. ક્રમબદ્ધપર્યાય તો પદાર્થનો સ્વભાવ છે, તેનું યથાર્થ જ્ઞાન તે રોગચાળો નથી, પણ તે તો વસ્તુનું યથાર્થ સ્વરૂપ છે. જેમ એક માણસનું આયુષ્ય સો વરસનું છે, તેમાં એક પણ સમય આડો-અવળો નથી, તેમ દરેક પદાર્થનો સમય સમયનો પર્યાય વ્યવસ્થિત છે. એમ સ્વસન્મુખના પુરુષાર્થવડે નિર્ણય કરનારને પોતાના જ્ઞાનનો અને કેવળજ્ઞાનીનો નિર્ણય થયો. આ જગતમાં કેવળજ્ઞાન છે એવો પણ તેમાં

નિર્ણય થાય છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવા જતાં હું અક્રમ જ્ઞાનસ્વભાવી છું એવો નિર્ણય થાય છે. પરથી પૃથક્તા, વિભાવથી વિમુખતા ને સ્વભાવની સન્મુખતા વિના આ નિર્ણય થતો નથી. સ્વભાવસન્મુખ થતાં અને રાગથી વિમુખ થતાં પાંચે સમવાય આવી મળે છે. સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ, ભવિતવ્ય અને કર્મનો અભાવ એ પાંચે એકીસાથે હોય છે, ને મોક્ષમાર્ગ શરૂ થાય છે. આ પદાર્થનો ધર્મ છે. વિશ્વનો મર્મ છે, કેવળજ્ઞાનનું કાળજું છે, મોક્ષમાર્ગનું કર્તવ્ય કેમ કરવું તેનો આ ઉપાય છે. પર્યાય ક્રમબદ્ધ થાય છે, તે વાત લોકોએ સાંભળેલ નથી. તો ગ્રહણ, ધારણ કરે ક્યાંથી અને રુચિ કરે ક્યાંથી? અજ્ઞાની ક્રમબદ્ધના નિયમને રોગચાળો માને છે, જ્ઞાની ક્રમબદ્ધને કેવળજ્ઞાનનો કંદ માને છે. હું સ્વ-પરને જાણનાર છું એવો નિર્ણય થતાં શ્રદ્ધા-જ્ઞાન અને સ્વરૂપ આચરણનો અંશ શરૂ થાય છે—આ વાત સમજ્યા વિના અજ્ઞાની પરની કર્તાબુદ્ધિમાં અટકી ગયા છે, તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટતા નથી. સમ્યગ્દર્શન કેમ થાય તેની વિધિ તેઓએ સાંભળી નથી.

કેટલાક લોકો ક્રમબદ્ધપર્યાયની આ વાતને સમજતા નથી અને ગોશાળાના મતની જેમ એકાંત નિયત તેને કહે છે. ભાઈ, સમય સમયના પર્યાય વખતે પુરુષાર્થ અને સ્વભાવ જાણ્યા વિના જે એકાંત નિયત બકે તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. આ ગૃહીત મિથ્યાત્વની કે અગૃહીત મિથ્યાત્વની વાત નથી પણ તેને ટાળવાની વાત છે. પોતામાં ક્રમબદ્ધપર્યાય થાય છે, તે પોતાનો પર્યાય અસંખ્ય સમયે છદ્મસ્થ જ્ઞાનમાં પકડી શકે છે. એક પર્યાયને એક સમયમાં પકડી શકતો નથી. આમ પર્યાયની રુચિ છોડી અક્રમ સ્વભાવની રુચિ થતાં સ્વ-પર જ્ઞાન સ્વભાવ પ્રગટતાં મોક્ષમાર્ગ પ્રગટે છે. જગતના પદાર્થોનો પર્યાય જે સમયે જે થવાનો છે તે જ થાય છે. તે વસ્તુનો સ્વભાવ છે. વસ્તુ એવી છે, કેવળજ્ઞાન એમ જાણે છે, અને વીતરાગી વાણી—આગમો એમ જ કહે છે—એમ શબ્દ સમય, જ્ઞાન સમય અને અર્થ સમય એમ ત્રણે આવી ગયા. જેમ સાકર શબ્દ સાકર પદાર્થને બતાવે છે અને સાકરનું જ્ઞાન થાય તો ત્રણે સાચા કહેવાય. ૩૩ નંબરની ચીજ ૩૪ નંબરની ન થાય અને તેમ જ વાણી કહે છે. જે એમ માને કે પર્યાય આડો-અવળો કરી શકાય છે, તે વીતરાગી વાણીને (શાસ્ત્રને) જાણતો નથી, કેવળીને જાણતો નથી, પદાર્થના સ્વરૂપને જાણતો નથી.

વળી કોઈ કહે કે જે સમયે મિથ્યાત્વ ક્રમસર થવાનું તે થવાનું છે, તો એમ માનનાર ખોટો છે, તે ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી. જે સમયે જે પર્યાય થવાની તે થવાની છે—એમ નિર્ણય કરનાર સ્વભાવ સન્મુખ થયા વિના રહે નહિ, અને તેને મિથ્યાત્વ રહે નહિ.

"અમારે ક્રોધ થવાનો હશે, ત્યારે થશે" એમ કોઈ કહે તો તેનું સમાધાન— ક્રોધ શું છે? ક્રોધ એ ચારિત્રગુણની વિકારી પર્યાય છે. ચારિત્રગુણ આત્મામાં છે. જીવદ્રવ્યસન્મુખ દૃષ્ટિ થયા વિના ક્રોધ થવાનો તે થવાનો, તેવો નિર્ણય સાચો નથી. મારા આત્માની અને સર્વ પદાર્થોની પર્યાય ક્રમસર થાય છે, એવો નિર્ણય થાય તેને ક્રોધ ઉપર કે નિમિત્ત ઉપર જોવાનું ન રહે. વળી વર્તમાન પર્યાય ઉપર પણ જોવાનું ન રહે. સ્વભાવ સ્થિર છે એમ જાણ્યા વિના સંતોષ થશે નહિ. કેવળીએ જોયું તે તારા માટે શું કામનું? કેવળજ્ઞાનીએ જોયું છે એમ જ થાય છે, એવો નિર્ણય સ્વભાવ સન્મુખ દૃષ્ટિવંતને થાય છે—આવો નિર્ણય થતાં ઉતાવળ થતી નથી, તેમ જ પ્રમાદ પણ નથી. કોઈ પર્યાય આઘો-પાછો થતો નથી, અક્રમે થતો નથી, પણ અજ્ઞાનીને દૃષ્ટિમાં વિષમતા હોય છે, તેથી ક્રોધ તરફ દૃષ્ટિ રાખી ક્રોધ થવાનો હશે ત્યારે થશે એમ માનનારને ક્રમબદ્ધપર્યાયના સ્વરૂપનું અજ્ઞાન વર્તે છે.

ધર્મ એટલે જેવો પદાર્થ છે, તેવી શ્રદ્ધા, જેવો પદાર્થ છે તેવું જ્ઞાન અને જેવા શ્રદ્ધા અને જ્ઞાન છે, તેવો પદાર્થ છે—એવો મેળ ખાય તો ધર્મ થાય. આત્મામાં જે પર્યાય જે વખતે થવાની તે થવાની છે. કોઈને પણ સમ્યગ્દર્શન-ચારિત્ર કે શુક્લધ્યાન આઘા-પાછા ન થાય. સ્વભાવસન્મુખની દૃષ્ટિ-જ્ઞાન અને ચારિત્રની ઐક્યતા તે મોક્ષમાર્ગ છે.

કેટલાકને આ ચીજના માહાત્મ્યની ખબર નથી, તેથી તેને સમજવાનો મોખ રહેતો નથી. વળી કોઈ એમ કહે કે "આપણે ક્રમબદ્ધ માનવું પણ આપણે પુરુષાર્થ તો કરવો"—તો એમ કહેનાર પણ વસ્તુસ્વરૂપ સમજતો નથી. શું ક્રમબદ્ધપર્યાયનું ક્રમબદ્ધપણું માનવું અને પુરુષાર્થ કરવો એ બીજી ચીજ હશે? ના. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય અને સમ્યગ્દર્શન જુદી ચીજ નથી પણ એક જ ચીજ છે. ભગવાન! તારો મહિમા સાંભળ! તારો વિશુદ્ધજ્ઞાન સ્વભાવ સાંભળ! નિમિત્ત, રાગ, પર્યાય કે ગુણભેદ સામે તારે જોવાનું નથી. અક્રમ જ્ઞાનસ્વભાવ સામે જોવાનું છે. એવો નિર્ણય થતાં ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. આમ નિર્ણય ન કરે અને વિરુદ્ધ માને તેનું જ્ઞાન સાચું થશે નહિ. ચેતનમાં અને જડમાં આઘી-પાછી પર્યાય થતી નથી, તે ક્રમબદ્ધ છે. તેમાં જૈનશાસન આવી જાય છે. તેમાં વીતરાગતા આવે છે. જ્ઞાનીને પરપદાર્થને કારણે હરખ-શોક થતો નથી. કોઈ પર પદાર્થ અનુકૂળ કે પ્રતિકૂળ છે એવી માન્યતા જ્ઞાનીને હોતી નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરનાર રાગ અને નિમિત્તની રુચિ છોડી, સ્વભાવનો પુરુષાર્થ કરે છે. ક્રમબદ્ધ,

સ્વકાળ ને નિયતમાં જાય છે, એવો નિર્ણય કરતાં સ્વભાવસન્મુખ દૃષ્ટિ થાય છે. આવો પર્યાય લાવું કે છોડું-એવી પર્યાય સન્મુખ દૃષ્ટિ રહેતી નથી.

હું પરનું કારણ નથી અને પર મારું કાર્ય નથી–એવો નિર્ણય થતાં અજીવ સાથે કાર્ય–કારણભાવ સિદ્ધ થતો નથી. પોતે કારણ અને પોતાના પરિણામ રૂપે ઊપજવું. તે પોતાનું કાર્ય છે-એવો કારણકાર્ય ભાવ પોતામાં સિદ્ધ થાય છે, પણ પર સાથે. કારણકાર્ય ભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવનો અભાવ છે. ઉત્પાદ્ય=કાર્ય, અને ઉત્પાદક=કારણ. એક દ્રવ્યના કાર્યમાં બીજું દ્રવ્ય કારણ થાય એવું ત્રણ કાળમાં બનતું નથી. અનંતા આત્મા અને પુદ્‌ગલમાં સમયે સમયે નવું નવું કામ પોતપોતાના કારણે થાય છે. આ આત્મા પોતે પોતામાં કાર્ય ઉપજાવી, પોતામાં નવાં કારણ-કાર્ય કર્યા કરે છે. બીજું દ્રવ્ય કારણ અને બીજા દ્રવ્યમાં કાર્ય–એવો અભાવ છે. આમ સમજે તો પરના કર્તાપણાનો ગર્વ ઊતરી જાય છે. અમે પૈસા રાખી શકીએ છીએ કે કમાઈ શકીએ છીએ એ માન્યતા અભિમાન છે. અજ્ઞાની જીવ મિથ્યા શ્રદ્ધા કરે છે. આટલા પૈસા છે, છોકરા છે તો આપણું ઘડપણ પાળશે. એ બધી માન્યતા ગધેડાના શિંગડાંની જેમ મિથ્યા શ્રદ્ધા-જ્ઞાનનો વિષય જગતમાં નથી. મારા કાર્યને પર કારણ થાય અને પરના કાર્યને હું કારણ થાઉં-એવી માન્યતા મિથ્યા છે. જેમ ગધેડાને શિંગડા નથી તેમ મિથ્યા માન્યતાનો વિષય જગતમાં નથી. મિથ્યાદૃષ્ટિ માને તેવું પદાર્થનું સ્વરૂપ નથી. તેની શ્રદ્ધા પ્રમાણે કાર્ય બનતું નથી. અજ્ઞાનીની ઊંધી માન્યતા છે ખરી, પણ બીજાની પર્યાયના કાર્ય કાળે હું કારણ થાઉં એવી શ્રદ્ધા મુજબ વસ્તુનું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે એવું ભાન જેને નથી તેને અહીં સમજાવે છે. કાંઈ અજીવને સમજાવવામાં આવતું નથી. તું કોણ છો? દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનાર છો. કેવી રીતે? જેમ છે તેમ જાણનાર છો. પણ અજ્ઞાની જેમ છે તેમ વસ્તુસ્વરૂપને માનતો જાણતો નથી. ઊંધી માન્યતારૂપ પર્યાય સત્ છે, શ્રદ્ધાગુણ ત્રિકાળ છે, તેની મિથ્યા શ્રદ્ધારૂપ પર્યાયનો ઉત્પાદ સત્ છે. મિથ્યાશ્રદ્ધા છે ખરી પણ તેનો વિષય નથી. જો તેનો વિષય હોય તો મિથ્યાશ્રદ્ધા કહેવાય નહિ. વેપાર આદિમાં વર્તમાન પુરુષાર્થ કામ આવતો નથી. પૈસાની વ્યવસ્થા જીવ કરી શકતો નથી. જડ પદાર્થની ક્ષણે ક્ષણે જે ઉત્પત્તિ થાય તે જડના કારણે થાય છે, તેને બદલે હું તેની વ્યવસ્થા કરું એમ અજ્ઞાની માને છે. તેની માન્યતાનો વિષય જગતમાં નથી. લોકોએ ધર્મ સાંભળ્યો નથી. ધર્મ વસ્તુનો સ્વભાવ છે. આત્મા અને અનંતા પદાર્થો પોતાના પરિણામરૂપે ઊપજે છે. તેને બીજો પદાર્થ કરે તેમ બનતું નથી. આત્મા અને જડમાં સમયે સમયે પોતપોતાના કાર્ય-કારણ છે. આત્મા કારણ અને

જ્ઞાન તેનું કાર્ય છે, પણ શબ્દ સાંભળ્યા માટે શબ્દ કારણ અને જ્ઞાનનું ઊપજવું તેનું કાર્ય એમ છે જ નહિ. નવા નવા કાર્યકારણભાવ દરેક દ્રવ્યમાં બની રહ્યાં છે. નિમિત્તનો પલટો થાય છે. પર્યાયનો પલટો થાય છે. ભિન્ન ભિન્ન નિમિત્ત જોતાં અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે ભ્રમમાં પડે છે.

ક્રમબદ્ધનો નિર્ણય કરતાં સ્વ અને પર બન્ને વિષય સાચા ઠરે છે. આવો નિર્ણય ન કરે તેના માટે સ્વ-પર બન્ને વિષય ખોટા છે.

અજ્ઞાની એકાંત નિયત માને છે. તે સ્વ-પર પ્રકાશક જ્ઞાન સ્વભાવ ઉડાડે છે. ભાઈ, ધીરજથી સાંભળ! અજ્ઞાની ઊંધે રસ્તે ચડી ગયો છે, તેને સ્વભાવના રસ્તે ચડાવવા છે. જેમ લગ્નમાં જવું હોય, તેને બદલે સ્મશાનમાં જાય તે ઊંધો જાય છે, તેમ અજ્ઞાની ધર્મના રસ્તે નહિ જતાં અધર્મના રસ્તે જાય છે.

અનાદિથી અજ્ઞાની જીવ જડ અને ચૈતન્યનો જે સ્વભાવ છે, તેનો જ્ઞાતાદૃષ્ટા નહિ બનતાં ઊંધે રસ્તે જાય છે, તેને આત્માની શ્રદ્ધાનો ક્ષય લાગુ પડયો છે. આ ફોટો (એક્સ-રે) પાડીએ છીએ. દરેક પદાર્થ પોતામાં કાર્યકારણભાવરૂપે સમયે સમયે કામ કરે છે. માટે કોઈ કોઈના કાર્ય-કારણ નથી. નિમિત્ત અને ઉપાદાનમાં સમયે સમયે નવું નવું અને ભિન્ન ભિન્ન કાર્ય થાય છે, તેને દેખતાં અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે. જુદા જુદા અક્ષર પડતાં જાય ત્યાં અજ્ઞાનીને ભ્રમ પડે કે મારા કારણે અક્ષર પડે છે. આત્મા સ્વતંત્રપણે કર્તારૂપે થઈને અનંતા ગુણોનું કાર્ય કરતો હોવા છતાં અજીવ સાથે કારણ-કાર્ય સંબંધ નથી. જેવો રાગ કરે તેવાં કર્મ બંધાય અને ઇચ્છા કરે તેવી ભાષા બોલાય એટલે અજ્ઞાની માને કે મારે લીધે તે કાર્ય થાય છે, પણ એમ માનવું તે ભ્રાંતિ છે. નવા નવા કાર્યકારણ દરેક પદાર્થમાં છે. સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનનો વિષય છે, પણ મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનનો વિષય નથી. મિથ્યાશ્રદ્ધા છે ખરી, પણ તેનો વિષય નથી.

વસ્તુની સ્થિતિ વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત? જો અવ્યવસ્થિત હોય તો અવધિ, મન:પર્યય કે કેવળજ્ઞાન સાબિત નહીં થાય, જ્યોતિષ સાબિત નહીં થાય, જો ક્રમબદ્ધ ન હોય તો જ્યોતિષનું નક્કી નહિ થાય અને કોઈ વારનું નક્કી નહિ થાય.

ક્રમબદ્ધ નક્કી કરતાં પોતાના સ્વભાવનો નિર્ણય થાય છે અને પરનાં કારણ-કાર્યનું અભિમાન ટળી જાય છે, અને સ્વમાં કારણ-કાર્ય નક્કી થતાં મોક્ષમાર્ગ શરૂ થાય છે. અજીવના કાર્યને જીવનું કારણ સાબિત થતું નથી. અજીવ પદાર્થોનાં નવા નવા કાર્ય થાય છે તે કાર્ય જીવનું છે એમ સાબિત થતું નથી. [ ક્રમશઃ ]

# 卐 આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૬૬ )

શ્રી પરમાત્મપ્રકાશનો આ પ્રથમ અધિકાર છે, તેમાં ૯૯ ગાથાનો ભાવાર્થ ફરીને લઈએ.

પાઠમાં એ કહેવું છે કે આત્માને જાણતાં જગત આખું જણાશે. આ આત્માનો સ્વભાવ તો એકલો જ્ઞાન, આનંદ અને ચૈતન્યસ્વરૂપ છે. આવા આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું; એક આત્માને જાણશે તે બધાંને જાણશે.

ભગવાન આત્મા જ્ઞાન-દર્શનનો ચૈતન્યનો સૂર્ય છે. માટે, વીતરાગ સ્વસંવેદન-જ્ઞાનથી પોતાના આત્માને જાણવો એ જ સાર છે. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એટલે શુભાશુભ રાગથી છૂટું પડેલું અરાગી વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર દ્વારા આત્માનું વેદન. પોતાનું પોતાથી થયેલું નિર્વિકલ્પ વીતરાગી વેદન તે સ્વસંવેદનજ્ઞાન છે. આવા નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી પોતાને જાણવો તે જ સાર છે. શુદ્ધાત્મતત્ત્વને સ્વસંવેદનથી જાણનારને બાર અંગનું પણ જ્ઞાન થાય છે.

ભગવાન આત્મા તો જ્ઞાનનો પુંજ છે એટલે કે સમજણનો પિંડ છે અને આનંદની મૂર્તિ છે. તેની સ્વસન્મુખ દૃષ્ટિ, સ્વસન્મુખ જ્ઞાન અને સ્વભાવ સન્મુખની શાંતિ વડે આત્માને જાણવાથી સમસ્ત બાર અંગના શાસ્ત્રને જાણી શકાય છે. અર્થાત્ એક આત્માને જાણતા બારેય અંગનું તાત્પર્ય અનુભવમાં આવી જાય છે. આ નીચલી ભૂમિકાની વાત છે. કેવળજ્ઞાનમાં બધું જણાય છે તે વાત નથી.

આ શરીર દેખાય છે તે તો જડ છે, કર્મ પણ જડ ધૂળ છે, અંદરમાં કામ, ક્રોધાદિ ભાવ થાય છે તે વિકાર છે તેનાથી રહિત અંદરમાં ચૈતન્ય આનંદકંદ આત્મા બિરાજે છે પણ અજ્ઞાનીએ કદી તેની દરકાર કરી નથી કોણ જાણે આત્મા કોણ હશે ! આખો દી આ શરીરની સંભાળ, રળવું, ખાવું, પીવું ને વ્યવહાર સાચવવા એમાંથી ઊંચો આવતો નથી પણ એ ધૂમાડાના બાચકા છે તેમાં કાંઈ હાથ આવતું નથી.

મુમુક્ષુઃ—આખી જિંદગી આમ ને આમ ચાલી ગઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—આખી જિંદગી નહિ, પણ અનંતકાળ આમ જ વીતી

ગયો છે. અનાદિકાળથી આ આત્માએ જ એકેન્દ્રિય, બેઇન્દ્રિય...પંચેન્દ્રિય આદિ અવતાર ધારણ કરી કરીને કાળ કાઢી નાંખ્યો છે તેમાં દરેક ભવમાં એ કૂચે જ મર્યો છે—દુ:ખી જ થયો છે.

જેણે એક ક્ષણ પણ શરીર, કર્મ અને વિકારની દૃષ્ટિ છોડી દઈને, સ્વભાવ દૃષ્ટિ કરીને, સ્વસંવેદનજ્ઞાન વડે 'આ આત્મા છે' એમ જાણ્યું તેણે બાર અંગનો સાર જાણી લીધો. માટે રાગાદિનું લક્ષ છોડીને ચિદાનંદ આત્માનું લક્ષ કરવું એ જ કરવાયોગ્ય છે.

શ્રોતા:—પણ આત્મા જડતો (મળતો) નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી:—એણે આત્માને ગોત્યો જ નથી તો જડે ક્યાંથી? શોધે તો મળે. પણ શોધ્યા વિના આત્મા મળતો નથી એમ કેમ કહેવાય!

અહીં તો બધી તોળીને વાત કરો તો કામનું. મારું મોતી પડી ગયું છે પણ મળતું નથી એમ કહે છે પણ આંખ ખોલીને ગોત તો મળે ને! તેમ આત્મા શું વસ્તુ છે એ પહેલાં બરાબર સાંભળે તો ખબર પડે ને! બહારમાં એક એક ચીજ મેળવવા માટે કેટલો પ્રયત્ન કરે છે તેમ આત્માને શોધવાનો પ્રયત્ન કરે તો આત્મા મળ્યા વિના ન રહે. આત્માને જાણ્યા વિના બધાં થોથા છે—મીંડા છે. પછી ભલે તે વકીલાત હોય કે મોટો વેપાર હોય કે ગમે તેવી ઊંચી પદવીવાળી નોકરી હોય તોપણ તેની શું કિંમત છે!

જેમ કોઠીમાં ઠસોઠસ ઘી ભર્યું હોય તેમ આત્મા જ્ઞાન આનંદથી ભરેલી ચીજ છે. દૃષ્ટાંતમાં તો કોઠી અલગ છે અને તેમાં ઘી ભર્યું છે પણ આ તો જ્ઞાન અને આનંદની જ બનેલી વસ્તુ છે. આત્મા અતીન્દ્રિય આનંદનો ધ્રુવ તારો છે. તેને રાગની દૃષ્ટિ છોડીને જે અરાગી દૃષ્ટિ દ્વારા, અરાગી જ્ઞાન દ્વારા અને અરાગી સ્થિરતા 'આ હું આત્મા છું' એમ જાણે તેણે બાર અંગને જાણી લીધાં. કારણ કે બાર અંગમાં જે કહ્યું છે તે તેણે કરી લીધું. બાર અંગ જાણીને પણ જે ધ્યાન કરવાનું છે તે તેણે કરી લીધું માટે તેણે બાર અંગ જાણ્યા ગણાય છે. એ આગળ કહેશે.

જેમ રામચંદ્રજી સમકિતી હતા, પોતે બળદેવ હતા અને લક્ષ્મણ વાસુદેવ હતા. બંને ભાઈઓને પ્રેમનો પાર નહિ, લક્ષ્મણ ગુજરી ગયા પણ રામને માનવામાં ન આવે તેથી છ મહિના સુધી તો મડદાંને ખભે લઈને ફરે છે. રામ જ્ઞાની તો હતા પછી વૈરાગ્ય થઈ ગયો એટલે મુનિ થઈ ગયા અને માંગીતૂંગી ઉપરથી મોક્ષ ગયા છે. પાંચ પાંડવ પણ જ્ઞાની હતા, મુનિ થયા હતાં તેમાંથી પ્રથમ ત્રણ શત્રુંજય ઉપરથી મોક્ષ પામ્યા છે અને સહદેવ, નકુળ સ્વર્ગમાં ગયા છે.

ઋષભદેવ ભગવાનના પ્રથમ પુત્ર ભરત ચક્રવર્તી જેના નામ ઉપરથી આ 'ભરતક્ષેત્ર' નામ પડયું, જેના ઘરે પદ્મણી જેવી ૯૬ હજાર તો સ્ત્રી હતી, છ ખંડનું રાજ હતું તે છોડીને એ પણ આત્માનું ધ્યાન કરીને મુક્તિ પામ્યા. એ જ રીતે 'સગર' પણ ચક્રવર્તી હતા તેણે પણ ભગવાનના શાસનમાં દીક્ષા લીધી હતી. આવા બધાં મહાપુરુષોએ પણ મુનિપણું લઈને બાર અંગનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને બાર અંગ ભણવાનું ફળ જે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ શુદ્ધ પરમાત્માનું ધ્યાન તેમાં લીન થયા હતા.

મહાપુરુષોએ પણ આ રીતે મુનિદશામાં આત્માનું ધ્યાન કર્યું હતું. માટે, વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી પોતાના આત્માને જાણવો એ જ સાર છે. શબ્દથી કે શાસ્ત્ર-જ્ઞાનથી આત્માને જાણવો એ સાર નથી પણ અંતરમાં ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણવો–અનુભવવો તે સાર છે. આ રીતે આત્માને જાણવાથી તેનું બધું જાણવું સફળ થાય છે. માટે, જેણે પોતાના આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું. આત્માને જાણ્યા વિનાનું કાંઈ સફળ નથી અને આત્માને જાણ્યો તેનું બધું જ્ઞાન સફળ છે. આ એક બોલ થયો. 'જેણે આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું' તેના આવા ચાર બોલ કહેશે.

બીજો બોલ–નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થયેલો જે પરમાનંદ સુખરસ–તેનો આસ્વાદ થતાં જ્ઞાનીપુરુષ એમ જાણે છે કે મારું સ્વરૂપ જુદું છે અને દેહ, રાગાદિક મારાથી જુદાં છે, મારા નથી. માટે. પોતાના આત્માને જાણવાથી બધાં ભેદ જણાય જાય છે. જેણે પોતાને જાણ્યો તેણે પોતાથી ભિન્ન બધાં પદાર્થને જાણ્યાં.

પહેલાં બોલમાં એમ કહ્યું કે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. હવે બીજા બોલમાં કહે છે કે આ આત્મા આનંદસ્વરૂપ છે તે હું છું, આ દેહ અને રાગાદિ તે હું નથી એવી શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ થયો તેણે આત્મા અને તેનાથી ભિન્ન એવા સર્વ ભેદોને જાણી લીધા. આ અતીન્દ્રિય આનંદમય આત્મા તે હું એમ જેણે જાણ્યું તેણે રાગાદિ સર્વ વિકલ્પ દુઃખરૂપ છે તે મારાથી ભિન્ન છે એ પણ બરાબર જાણી લીધું. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે વિકલ્પ ઊઠે છે તેમાં આકુળતા છે માટે તે મારા આનંદમય આત્માથી ભિન્ન છે.

આ ચોથા ગુણસ્થાનથી માંડીને બધી વાત છે હો ! ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને આવું આત્માનું જ્ઞાન અને ભેદોનું જ્ઞાન હોય છે. આત્માને જાણવાથી બધાં ભેદોનું જ્ઞાન થઈ જાય છે.

આ સ્ત્રી, પુત્ર, પરિવાર, મકાન આદિ મને ઠીક છે એવો ભાવ છે તે રાગ છે, દુઃખ છે. તેનાથી રહિત આત્મા અતીન્દ્રિય આનંદમય છે એવું ભાન થતાં, આ

અતીન્દ્રિય આનંદમય આત્મા તે હું છું અને તેનાથી ભિન્ન જે વિકલ્પ ઊઠે છે તે રાગ, શરીર અને ધનાદિ સંયોગ તે બધું મારાથી જુદું છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં આ જ હું અને તેનાથી જે ભિન્ન છે એ કાંઈ મારું નથી એમ એક આત્માને જાણતાં તેનાથી ભિન્ન સર્વ ભેદોનું પણ જ્ઞાન થઈ જાય છે. એકને જાણતાં બધાં ભેદો જણાઈ ગયાં.

અપ્પા જાણતાં જગુ જણાય તેના ચાર બોલમાંથી આ બે બોલ થયાં. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં બધું જાણી શકાય છે એમ કહે છે. દાખલો ભલે ઉત્કૃષ્ટ—મુનિ દશાવાળાનો આપે છે પણ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે એટલે અંશે વીતરાગ ચારિત્ર ચોથાવાળાને પણ થયું છે.

ત્રીજો બોલ—આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનથી આખા લોકાલોકને જાણે છે. માટે, આત્માનું જ્ઞાન થતાં બધું જાણવામાં આવી ગયું. ભાવશ્રુતજ્ઞાનવડે જેમ આત્માને જાણ્યો તેમ એ જ્ઞાનની વ્યાપ્તિ દ્વારા એટલે એ શ્રુતજ્ઞાનવડે પરોક્ષપણે આખો લોકાલોક જણાય જાય એવો એ જ્ઞાનનો સ્વભાવ છે. આત્માને જાણનાર ભાવશ્રુતજ્ઞાનમાં લોકાલોકને પણ જાણવાથી બધું જણાય છે તેનો આ ત્રીજો બોલ થયો.

ચોથો બોલ—વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બળથી કેવળજ્ઞાન ઉત્પન્ન કરીને જેમ દર્પણમાં ઘટ-પટ આદિ પદાર્થ ઝલકે છે તેમ જ્ઞાનરૂપી દર્પણમાં આખો લોક-અલોક ભાસે છે—જણાય છે. આમાં કેવળજ્ઞાન કેવી રીતે થાય એ વાત પણ આવી ગઈ. કોઈ પંચમહાવ્રતના પરિણામ કે ક્રિયાકાંડથી કેવળજ્ઞાન પ્રગટ થતું નથી પણ વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન, સ્થિરતાની શાંતિ દ્વારા અને તેમાં પણ નિર્વિકલ્પ સમાધિધ્યાનના બળથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તેમાં આત્માનું તો પૂરું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે સાથે લોકાલોકનું પણ પૂરું અને પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. જેમ અરીસામાં સર્વ પદાર્થો ઝલકે છે તેમ કેવળજ્ઞાનરૂપી દર્પણમાં લોક અલોક જેવા છે તેવા ભાસે છે. માટે, કહ્યું કે આત્માને જાણવાથી બધું જણાય છે.

આમ, ચાર બોલથી 'આત્માને જાણતાં સર્વ જણાય છે' એ સ્પષ્ટ કર્યું. તેમાં સારાંશ એ આવ્યો કે આ ચારેય વ્યાખ્યાનોનું રહસ્ય જાણીને, બાહ્ય-અભ્યંતર બધો પરિગ્રહ છોડીને સર્વ પ્રકારે પોતાના શુદ્ધાત્માની ભાવના કરવી જોઈએ. ભાવના તો ઉત્કૃષ્ટની રાખીને પ્રયત્ન કરવો જોઈએ.

ચાર વ્યાખ્યાન થયાં તે સમજાયા ?

એક તો આ આત્માના શુદ્ધ ચિદાનંદસ્વરૂપને અંતરદૃષ્ટિ અને જ્ઞાનથી જાણતાં

બધું જણાઈ જાય. માટે, એકને જાણતાં સર્વ જાણ્યું. બીજું, આત્માને નિર્વિકલ્પ આનંદના સ્વાદ દ્વારા જાણતાં, આ આનંદ તે આત્મા, બાકી રાગાદિ જે દુ:ખરૂપ ભાવો અને શરીરાદિ તે હું નહિ. એમ, આત્માને જાણતાં તેનાથી ભિન્ન એવા સર્વ ભેદોને જાણી લે છે.

ત્રીજું, ભાવશ્રુતજ્ઞાન—વિકલ્પ વિનાની જ્ઞાનદૃષ્ટિવડે જાણતાં, આત્મા જણાય તે જ્ઞાનમાં લોકાલોકને પણ જાણવાની તાકાત છે. લોકાલોકમાં આમ જ હોવું જોઈએ તેમ બરાબર જણાય છે.

ચોથું, નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા દ્વારા કેવળજ્ઞાન થતાં આત્મા અને લોકાલોક પ્રત્યક્ષ જણાય છે. માટે આત્માને જાણતાં સર્વ જણાય છે એ સિદ્ધ થયું.

આવું જ કથન શ્રી સમયસાર ગાથા ૧૫માં કુંદકુંદઆચાર્યે કર્યું છે.

जो पस्सइ अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं ।
अपदेससुत्तमज्झं पस्सइ जिणसासणं सव्वं ॥ १५ ॥

અર્થ એ છે કે જે કોઈ નિકટ મોક્ષગામી જીવ સ્વસંવેદનજ્ઞાનથી પોતાના આત્માને અનુભવે છે, સમ્યગ્દૃષ્ટિપણાથી પોતાને દેખે છે તે સર્વ જૈનશાસનને દેખે છે એમ જિનસૂત્રમાં કહ્યું છે.

પોતાના આત્માને જે જ્ઞાનના વેદન દ્વારા પ્રત્યક્ષ અનુભવે છે, સમ્યગ્દૃષ્ટિપણે એટલે સમ્યક્‌શ્રદ્ધાથી પોતાના આત્માને પ્રતીતમાં લે છે તે જૈનશાસન છે.

આવી વાત...ઘરમાં ચાલે નહિ, બહાર જાય ત્યાં પણ સાંભળવા મળે નહિ, કોઈકવાર આવા સ્થાને સાંભળવા મળી જાય પણ સમજાય નહિ...આવી જ રીતે અનંતકાળ ચાલ્યો ગયો. અરે! એણે ઝેરને જ વલોવ્યાં, આત્માના આનંદને એણે કદી અનુભવ્યો નથી. એકવાર પણ જે આત્માને જાણી લે છે તેણે તો સર્વ જાણી લીધું. આખું જૈનશાસન જાણી લીધું. તે હવે સંસારમાં લાંબો કાળ રહેશે નહિ. આત્માના ભાન વિના તો જીવ ઝેરને હોંશે હોંશે પીવે છે. રાગ-દ્વેષાદિ વિકાર ઝેર છે પણ તેને ઝેર છે એમ ખબર નથી અને આનંદ શેમાં છે એ પણ ખબર નથી એટલે ઝેરને જ હોંશે હોંશે પીવે છે. શરીરમાં તો માંસના લોચા છે તેને મારા માનીને, શરીરને ઉપકારી એવા સંયોગો મળતાં હરખાય છે.

શ્રોતા :—શરીર તો ધર્મનું સાધન છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—શરીર ધર્મનું સાધન નથી. ધર્મનું સાધન તો પોતાની

અંદર જ છે. સ્વભાવમાં જ સાધન રહેલું છે. એ સિવાય જે કોઈ સાધન કહેવાય છે તે ઉપચારથી સાધન છે. અખંડાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ મૂકતાં સ્વભાવ સાધનનું પરિણમન થાય તેમાં બધું જાણવામાં આવી જાય છે. ' સબ આગમભેદ સુઉર બસે. '

તું એકવાર ધીરજથી સાંભળ તો ખરો ! ભગવાન ! તું અનંતગુણની રાશિ છો. મહાપ્રભુ છો. સિદ્ધ ભગવાનને જેટલા ગુણોની દશા પ્રગટી એટલા જ ગુણો તારામાં પડયા છે. આ ભગવાનની વાણીમાં આવેલી વાત છે.

' જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ,
પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સપ્રેમ. '

ચેતનપ્રભુ ! ચેતનસંપદા રે તારા ધામમાં.

તારા અસંખ્યપ્રદેશી ધામમાં તારી સંપદા પૂરી ભરેલી છે પણ તને ખબર નથી. સવાર-સાંજ લોકો માંગલિકનો ગડિયો બોલી જાય પણ ભાન કાંઈ ન મળે.

સર્વજ્ઞ, પરમેશ્વર વીતરાગદેવ સો ઇન્દ્રોની હાજરીમાં સમવસરણમાં આમ કહેતાં કે ભાઈ ! જ્યાં ચેતન છે ત્યાં અનંતગુણો છે. જ્યાં જાણવા-દેખવાનો ભાવ હોવાપણે જણાય છે ત્યાં ભગવાને અનંતગુણો જોયા છે. અપરંપાર અનંતાગુણો જોયા છે. આવા આત્માની દૃષ્ટિ અને અનુભવ જે કરે તેણે આખા જૈનશાસનને જાણી લીધું છે. વીતરાગની વાણીમાં જે કહેવું હતું, જૈનશાસનમાં જે ભાવ રહેલો હતો તે તેણે જાણી લીધો.

...પણ એને પોતાની કિંમત નથી. એને જડ હીરાની કિંમત આવે છે પણ ચૈતન્યહીરાની કિંમત આવતી નથી. ભગવાને ચૈતન્યહીરામાં કેટલાં ગુણો જોયા છે ! આકાશના અનંત પ્રદેશ કરતાં અનંતગુણા ગુણ ભગવાને દરેક આત્મામાં જોયા છે. એવા ગુણથી ભરેલા ગુણી આત્માને જેણે સ્વસંવેદનજ્ઞાનથી જાણ્યો તેણે સર્વ જૈન શાસનનો જાણ્યું છે એમ જિનસૂત્રમાં એટલે વીતરાગી ભગવાનની વાણીમાં કહેવામાં આવ્યું છે. જેણે આત્માને જાણ્યો નહિ તેણે કાંઈ જાણ્યું નથી.

" પરખ્યા માણેક મોતીડાં, પરખ્યા હેમ કપૂર;
એક ન પરખ્યો આતમા, ત્યાં રહ્યો દિગ્મૂઢ. "

દુનિયાની બાબતોમાં દોઢડાહ્યો હોય પણ તેને કહો કે તું કોણ ? તો એની ખબર ન હોય. ' દીવા નીચે અંધારા ' જેવું છે. અહીં તો કહે છે કે જેણે એક આત્માને જાણ્યો તેણે આખું જૈનશાસન જાણી લીધું, એણે બાર અંગને જાણી લીધાં. આનંદમય આત્માને અનુભવીને તેનાથી ભિન્ન સર્વભાવોને પણ જાણી લીધા અને અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને લોકાલોકને પણ તે જીવ જાણશે.

સમ્યગ્દૃષ્ટિએ સ્વને જાણી લીધો તેથી બીજું બધું તેને પરપણે જણાય છે. રાજ-પાટમાં હોય તો આખો રાજવૈભવ હોય, ૯૬ હજાર સ્ત્રી સાથે લગ્ન પણ કરે, વેરી સાથે લડાઈ પણ કરે એવી અનેક પ્રકારની પ્રવૃત્તિ અને શુભાશુભરાગ હોય પણ જ્ઞાની તેને ભિન્ન તરીકે જાણે છે. પોતાના માનતાં નથી. જ્યાં હોય ત્યાં પોતે આનંદ અને જ્ઞાનમાં જ ઊભા હોય છે. પરમાં અને રાગમાં હું નથી અને મારામાં પરદ્રવ્ય અને રાગાદિ પરભાવ નથી એમ ધર્મી જાણે છે.

એણે કદી આત્મા તરફ પડખું જ ફેરવ્યું નથી. જે પડખે તે ઊભો છે ત્યાં તો રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના પરિણામ જ છે. એ પડખું ફેરવીને આત્મા તરફ જાય તો ખબર પડે કે આત્મા કેવો છે! આત્મા જ્ઞાન અને આનંદમય છે એમ જાણતાં આત્માથી ભિન્ન જે છે એ પણ બધું જણાય છે. તે મારાથી ભિન્ન છે એમ જણાય છે પણ સંયોગમાં રહે છે તે પણ આત્મામાં સ્થિરતા વધતાં સંયોગમાંથી પર ચીજ છૂટતી જાય છે, પરભાવ છૂટતાં જાય છે.

આત્મા અત્યારે કેવો છે? આત્મા અત્યારે પણ શરીર, રાગાદિથી ભિન્ન જ્ઞાનમયી વસ્તુ છે. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તેનાથી આત્મતત્ત્વ જુદું છે. પુણ્ય-પાપ વિકલ્પ ઊઠે છે તેનાથી આત્મતત્ત્વ જુદું છે. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. જ્ઞાનાવરણાદિ આઠ કર્મ જડ છે તેનાથી પણ આત્મા જુદો છે. આસ્રવ અને અજીવથી ભિન્ન આત્મતત્ત્વને જાણતાં આખા જૈનશાસનનો મર્મ જણાય જાય છે. માટે કહ્યું કે આત્માને જાણ્યો તેણે જૈનશાસનને જાણ્યું.

આત્મા નરનારકાદિ પર્યાયથી પણ રહિત છે. વિશેષ અર્થાત્ ગુણસ્થાન, માર્ગણા, જીવસમાસ ઇત્યાદિ બધાં ભેદોથી રહિત છે. નર, નારકાદિ પર્યાય કહેતાં નર, નારકાદિ ગતિનો ઉદયભાવ અને શરીરની પર્યાય એ બંનેથી આત્મા ભિન્ન છે. આત્મા દૃષ્ટિમાં આવતાં, અનુભવમાં આવતા આવા ભેદોથી હું રહિત છું એવું જ્ઞાન અત્યારે જ થઈ જાય છે. ૧૪ ગુણસ્થાન, ૧૪ માર્ગણા—તેમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, લેશ્યા, સંયમ, દર્શન આદિ બધાં ભેદોથી આત્મા રહિત છે. જીવસમાસ કહેતાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિ પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદોથી જીવનું કથન કરવામાં આવે છે પણ તે જીવનું સ્વરૂપ નથી.

અખંડ અને અભેદ એવા આત્માનો દૃષ્ટિ અને અનુભવ થતાં ઉપર કહ્યાં તેવા કોઈ ભેદો આત્મામાં નથી એવું થાય છે. તેથી કહ્યું કે અભેદને જાણતાં ભેદને પણ જાણ્યાં. એક આત્માને જાણતાં અન્યને પણ જાણ્યા, આત્માને જાણતાં જગને જાણ્યું અને આત્માને જાણતા લોકાલોક પણ જણાશે.

આવા આત્મસ્વરૂપને જેણે દેખ્યું, જાણ્યું અને અનુભવ્યું તે જૈનશાસનના મર્મને જાણવાવાળો છે. કેમકે જૈનશાસન કાંઈ આત્માની બહાર નથી. આત્માનો વીતરાગભાવ તે જ જૈનશાસન છે. આત્મા પોતે વીતરાગસ્વરૂપ છે તેની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની વીતરાગીપર્યાય તે વીતરાગભાવ છે. માટે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.

શ્રીમદમાં એમ કહે છે કે 'સર્વજ્ઞદેવ પરમગુરુ'ની માળા ગણવી. તેનો પણ અર્થ તો એ જ છે કે સર્વને જાણનારો આત્મા તે જ પોતે પોતાનો ગુરુ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા સર્વજ્ઞદેવ પણ આત્મા છે અને એવા જ બધાં આત્માઓ છે. બધાં આત્માના સ્વભાવમાં સર્વજ્ઞપણું પડ્યું છે. આવા સર્વજ્ઞસ્વભાવને જાણે તે આત્મા પર્યાયમાં પણ સર્વજ્ઞદેવ, પરમગુરુ થઈ જાય છે.

પરમાત્મપ્રકાશ કોઈ અલૌકિક છે. ૯૯ ગાથા થઈ હવે ૧૦૦ ગાથામાં તે વાતનું જ સમર્થન કરે છે.

अप्प–सहावि परिट्ठियह एहउ होइ विसेसु ।
दीसइ अप्प–सहावि लहु लोयालाउ असेसु ॥ १०० ॥

અર્થઃ—આત્માના સ્વભાવમાં લીન થયેલા પુરુષોને (જીવોને) પ્રત્યક્ષમાં તો આ વિશેષતા થાય છે કે આત્મસ્વભાવમાં તેને સમસ્ત લોકાલોક શીઘ્ર જ દેખાય જાય છે.

ભગવાન આત્મા એક વસ્તુ છે અને જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આદિ તેનો સ્વભાવ છે. તે સ્વભાવમાં જે એકાકાર થાય છે તેને સમસ્ત લોકાલોક શીઘ્ર દેખાય છે. અનંત ગુણરૂપ ત્રિકાળ એકસ્વભાવમાં દૃષ્ટિ મૂકીને તેમાં જે ઠરે છે તેને શીઘ્ર એટલે અલ્પકાળમાં સમસ્ત લોકાલોકનું જ્ઞાન થઈ જાય છે.

બીજો અર્થ એ પણ થાય છે કે 'अप्पसहाय लहु'—પોતાનો સ્વભાવ શીઘ્ર દેખાય જાય છે. જે આત્મસ્વભાવમાં દૃષ્ટિ કરીને ઠરે છે તેને પોતાનો આખો સ્વભાવ જાણવામાં આવી જાય છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ સ્વચ્છતા...એમ બધો જ સ્વભાવ પૂર્ણ રીતે પ્રત્યક્ષ અનુભવમાં આવી જાય છે—જાણવામાં આવી જાય છે. આ કામ શીઘ્ર થાય તેવું છે પણ તેના પ્રમાણમાં તેનો પ્રયત્ન જોઈએ,

વસ્તુ અનંતગુણની ખાણ છે તેને શ્રદ્ધા, જ્ઞાનમાં લઈ તેમાં સ્થિર થતાં આત્માના બધા ગુણસ્વભાવો પ્રત્યક્ષ જણાય છે. સ્થિર થવું એટલે આત્મામાં એકાકાર થવું. જાપ કરવો તે સ્થિરતા નથી. આ બધી અલૌકિક વાતો છે કેમ કે ભગવાન આત્મા લોકોત્તર ચીજ છે. શરીરને બાદ કરો, પુણ્ય–પાપને બાદ કરો, અલ્પજ્ઞ પર્યાય જેવડો

પણ આત્મા નહિ એમ બાદ કરતાં જે બાકી રહી જાય છે તે આખો અનંતગુણનો કંદ તે આત્મા છે. શ્રીમદે કહ્યું છે ને 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.' શરીર તે આત્મા નથી, ઇન્દ્રિયો તે આત્મા નથી, કર્મો છે તે આત્મા નથી અને પુણ્ય-પાપના વિકલ્પો તે પણ આત્માનું સ્વરૂપ નથી માટે તે બધાને બાદ કરતાં જે બાકી રહે છે તે 'આત્મા' છે. પણ થયું છે એવું કે નામામાં બાદબાકી કરીને નફો કાઢતાં આવડે છે પણ આમાં બાદબાકી કરતાં કદી આવડી જ નથી.

અનંતગુણરૂપ પરમસ્વભાવને જેણે જાણ્યો તેને પૂર્ણસ્વભાવ શીઘ્ર જણાય જશે. પહેલાં તો શ્રદ્ધામાં શક્તિરૂપ સ્વભાવને શ્રદ્ધ્યો અને જાણ્યો તેને અલ્પકાળમાં જ પૂર્ણ સ્વભાવ જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાઈ જશે અને આખો લોકાલોક પણ જેમ છે તેમ જણાઈ જશે.

અહીં પણ ખાસ કરીને પૂર્વ સૂત્રકથિત ચારેય પ્રકારનું વ્યાખ્યાન મોટા મોટા આચાર્યોએ પણ માન્ય કર્યું છે. તેમાં એક બોલે, જે કોઈ ભગવાન આત્માને જાણે છે તેણે બધું જાણ્યું છે. બીજા બોલે, ભગવાન આત્માને અતીન્દ્રિય આનંદથી જાણે તે તેનાથી ભિન્ન બધાં ભેદોને જાણી લે છે. ત્રીજે બોલ, ભગવાન આત્માને ભાવશ્રુતજ્ઞાનથી જાણે છે તે ભાવશ્રુતજ્ઞાનની વ્યાપ્તિથી લોકાલોકને પણ જાણે છે અને ચોથા બોલ, ભગવાન આત્માને જાણે તેને અતીન્દ્રિય કેવળજ્ઞાન પ્રગટ થઈને લોકાલોક જણાય છે. આ ચાર બોલ આ રીતે આ ૧૦૦ ગાથામાં પણ લઈ લીધા.

લોકો કહે છે ને, ચોપડાના પાના ફેરવતાં, 'પાનું ફરે ને સોનું ઝરે છે' એટલે કે ઊઘરાણી-લેણું ભુલાઈ ગયું હોય તે યાદ આવી જાય છે પણ અહીં તો કહે છે કે જ્ઞાનનું પાનું ફેરવતાં અંદરથી પૂર્ણજ્ઞાન ઝરે છે; તેની પાસે સોનાની કાંઈ કિંમત નથી. ભગવાન આત્મા જ્ઞાનનું મોટું પાનું છે. એક જ્ઞાનશક્તિમાં મોટું કેવળજ્ઞાનનું સત્વ રહેલું છે. એક દર્શન શક્તિમાં અનંતદર્શનનું સત્વ રહેલું છે. એક આનંદગુણમાં અનંત આનંદ રહેલો છે. એક ચારિત્ર ગુણમાં સ્થિરતાનો મોટો પાઠડો પ્રત્યક્ષ રહેલો છે. તે પણ, બધાં ગુણો એકસાથે રહેલાં છે. નામાના પાના તો એક પછી એક હોય પણ આ તો બધાં એક સાથે છે.

આવો પરમ સ્વભાવ એટલે એક એક ગુણમાં અનંત શક્તિ એવા અનંત સ્વભાવમયી એક ભગવાન આત્માને જેણે જાણ્યો તેને આ ચારેય બોલ જાણવામાં આવી જાય છે. બધાં સંતોએ આ ચારેય બોલ સ્વીકાર્યા છે.

'એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું' એ પ્રવચનસારની ૪૮-૪૯ ગાથામાં પણ આવે છે. શ્રીમદ્‌માં પણ આવે છે. અહો! જેણે, એક સમયમાં અનંતા ગુણો અને

એક ગુણના અંશો ત્રિકાળ રહે એવી અનંત પર્યાયો સહિત આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું. એક જ્ઞાનમાં બધું સમાય છે. એને બાર અંગ જણાય જશે, બધાં ભેદો જણાય જશે, કેવળજ્ઞાનમાં બધું પ્રત્યક્ષ થઈ જશે. જેણે પહેલાં આત્માને શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો તેને કેવળજ્ઞાનમાં અનંતગુણો પ્રત્યક્ષ થઈ જશે. માટે, 'એક જાણ્યું તેણે બધું જાણ્યું' એમ અત્યારે પણ કહેવામાં આવે છે.

સમયસાર હો કે પરમાત્મપ્રકાશ હો બધાં શાસ્ત્રોમાં વીતરાગ પરમેશ્વરદેવે કહેલો આત્મા કહેવાય છે. અજ્ઞાનીઓ કહે છે તેવું આત્માનું સ્વરૂપ નથી. વીતરાગ અરિહંતદેવે આત્માને જેવો કહ્યો તેવો જેણે જાણ્યો તેણે એક આત્માને જાણતાં બધું જાણી લીધું. પોતાના આત્માને જાણતાં અનંતા આત્માઓ પણ મારા જેવા જ છે એ ખ્યાલમાં આવી ગયું. બધાં આત્મા અનંત આનંદમયી જ છે. વિકાર તો ક્ષણિક આસ્રવતત્ત્વમાં છે, આત્મતત્ત્વમાં નથી. એમ આત્મા જાણ્યો ત્યાં આત્માથી ભિન્ન બધાં પદાર્થ પણ જણાઈ ગયાં. આમ જ્ઞાન-આનંદમય જીવો જણાયા અને આત્માથી જ્ઞાન-આનંદ વિનાના દ્રવ્યો પણ જણાઈ ગયાં.

આત્મા વીતરાગસ્વરૂપ છે એટલે કે નિર્દોષ ગુણસ્વરૂપ છે તેને નિર્દોષ પર્યાય દ્વારા જાણવો તે જૈનશાસન છે. આવી દશાને પામ્યા તે બધાં જિનશાસનને પામ્યા છે તેણે ચારેય બોલ અનુસાર બધું જાણ્યું છે એમ આ બે ગાથાઓમાં કહેવામાં આવ્યું છે.

[ ક્રમશઃ ]

## □ આહાહા ! સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે □

પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલાં સમયે કાળી હોય તે બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ? ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા ! સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# □ પરાધીન દૃષ્ટિ છોડી, સ્વાધીન દૃષ્ટિ કર □

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૪ )

શ્રી નાટક સમયસારનો આ કર્તા કર્મ અધિકાર છે. તેમાં ૧૬મા કળશના પદ્યમાં કહે છે કે પદાર્થ પોતાના સ્વભાવનો કર્તા છે.

ग्यानभाव ग्यानी करै, अग्यानी अग्यान ।
दर्वकर्म पुदगल करै, यह निहचै परवान ॥ १७ ॥

અર્થઃ—જ્ઞાનભાવનો કર્તા જ્ઞાની છે, અજ્ઞાનનો કર્તા અજ્ઞાની છે અને દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે—એમ નિશ્ચયનયથી જાણો.

જુઓ ! કર્મનો કર્તા જીવ નથી એ વાત પહેલા સિદ્ધ કરી. કર્મ જડની પર્યાય છે માટે તેનો કર્તા જડ–પુદ્‌ગલદ્રવ્ય છે, જીવ તેનો કર્તા નથી. જીવ તો અજ્ઞાનભાવે અજ્ઞાનને કરે ત્યારે કર્મ સ્વયં આવીને બંધાય છે. જ્ઞાનની અશાતનાના છ બોલ મોક્ષશાસ્ત્રમાં કહ્યાં છે કે જ્ઞાનની અશાતના વિરાધનાના આવા પરિણામથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે તે પરિણામનો કર્તા જીવ છે એ બરાબર છે પણ જડકર્મનો કર્તા જીવ નથી.

જ્ઞાની જીવ તો અજ્ઞાનને પણ કરતાં નથી એ તો પોતાના નિર્મળ જ્ઞાનભાવને કરે છે કેમકે જ્ઞાની તો સ્વયં જ્ઞાનસ્વરૂપ છે અને તેની દૃષ્ટિ પણ સ્વભાવ ઉપર છે તેથી જ્ઞાની વિકારના કર્તા થતા નથી અને તેથી જ્ઞાની જડકર્મોના બંધનમાં નિમિત્ત પણ થતા નથી. અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર હોવાથી તે તેનો કર્તા થાય છે અને જડકર્મોના બંધનમાં નિમિત્ત થાય છે. કર્મોનો ખરેખર કર્તા તો પુદ્‌ગલ પોતે જ છે.

ત્રણ બોલ થયા—એક, ધર્મીજીવ જ્ઞાન-આનંદ આદિ નિર્મળ પરિણામને કરે છે કેમકે તેમની દૃષ્ટિમાં નિર્મળ ધ્રુવ ચૈતન્ય છે. ધર્મીજીવ વિકાર પરિણામને કરતાં નથી. વ્યવહારરત્નત્રયને પણ ધર્મી કરતાં નથી. બીજો બોલ, અજ્ઞાની પુણ્ય-પાપ, શુભાશુભ પરિણામને કરે છે, જડના કાર્યને તો અજ્ઞાની પણ કરતા નથી. તો પ્રશ્ન થાય કે આ બધા કારખાના આદિ જડના કાર્યના કર્તા થતા દેખાય છે ને ! ના, ભાઈ ! અજ્ઞાનીના કાર્યની પણ મર્યાદા પોતાના વિકારી પરિણામ સુધીની જ છે. પોતાના સ્વભાવને ભૂલીને અજ્ઞાનથી પુણ્ય-પાપ વિકારને કરે છે પણ જડના કાર્યને તો અજ્ઞાની

જીવ પણ કરી શકતો નથી. જેમાં ચૈતન્યસ્વભાવનો અંશ પણ નથી એવા દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભપરિણામ અને હિંસા, જૂઠ આદિ અશુભપરિણામને અજ્ઞાની કરે છે કેમ કે તેની દૃષ્ટિ જ પુણ્ય-પાપ ઉપર છે. મારો સ્વભાવ શું છે તેની તો અજ્ઞાનીને ખબર નથી એટલે તે ધર્મ પણ કરી શકતો નથી અને જડના કાર્યને તો જીવ કરી શકતો જ નથી તેથી જડને પણ ન કરે. માત્ર, હું આ કાર્ય કરું છું અને આ બધા મારા છે એવી અનેક પ્રકારની ભ્રમણાને અજ્ઞાની કરે છે.

આ જુઓને! દીકરા પરદેશમાં અને તમે અહીં એકલા છો ને! બે દ્રવ્ય જ ભિન્ન છે. અહીં એકલા રોટલા ખાઓ છો એમ પણ નથી. રોટલા ખાવાની ક્રિયાને અજ્ઞાની પણ કરી શકતો નથી. તે માત્ર રાગ-દ્વેષ કરે છે પણ રોટલા ખાવાની ક્રિયાને આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી.

શ્રોતા :—કારખાના વગેરે ચાલતાં હોય તેનું શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કારખાનું કોઈ પરદ્રવ્યના આધારે ચાલતું નથી. તે પણ સત્તાવાળો પદાર્થ છે માટે તેનું ધારાવાહી પરિણમન જે સમયે જેમ થવાયોગ્ય હોય તેમ થાય જ છે.

ત્રીજો બોલ, દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે, એ જ પ્રમાણે જગતના દરેક પદાર્થના પરિણમનનો કર્તા તે દ્રવ્ય છે, પરદ્રવ્ય તેનો કર્તા નથી.

પહેલાં બોલમાં 'જ્ઞાનભાવના કર્તા જ્ઞાની છે' એમ કહ્યું એટલે શું?—ચૈતન્યવસ્તુ ધ્રુવ સ્થિરબિંબ જેવી છે તેવી જેણે જાણી તે જ્ઞાની થઈ ગયો. તે હવે જેવી પોતાની ચૈતન્યશક્તિ છે તેવી પર્યાયને કરે છે. માટે તે જ્ઞાનપરિણામનો કર્તા છે.

શ્રોતાઃ—સાહેબ! અમને તો વેપાર-ધંધા, ચોપડાનું ઓડિટ આદિ જીવ કરતો દેખાય છે છતાં આપ જેમ કહો એમ અમે તો માનીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—તમે પોતે નક્કી કરો ને! પરદ્રવ્ય એક સમય પણ પોતાના પરિણામને કર્યા વગર રહેતું નથી તો જે પરિણમે જ છે તેને બીજો શું પરિણમાવે! સૌ દ્રવ્ય પોતે પોતાની ક્રિયા કર્યા વગર રહેતાં જ નથી. તમે તમારા પરિણમનની ક્રિયાને કરો છો અને પરદ્રવ્ય તેની પોતાની ક્રિયાને કરે છે. એક બીજાની ક્રિયા કોઈ કરી શકતું નથી.

જેને શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ પોતાપણે જણાયો છે એવો ધર્મી ભલે તે કદાચ ચક્રવર્તી હોય તો રાજમાં પડેલો દેખાય, ૯૬ હજાર રાણીના વૃંદમાં પડેલો દેખાય છતાં

તે પરની ક્રિયાને બિલકુલ કરતો નથી. તેને રાણી આદિ સંયોગમાં લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે પણ તે વિકલ્પનો કર્તા કે ભોક્તા નથી.

શરીર, સ્ત્રી, મકાન, લક્ષ્મી, આબરૂ આદિને જીવ કરે નહિ અને ભોગવે પણ નહિ. અજ્ઞાની જીવ એમ માને કે તેને હું કરું છું અને ભોગવું છું પણ ખરેખર તે પરદ્રવ્યનો કર્તા–ભોક્તા થઈ શકતો નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં પાગલનું દૃષ્ટાંત આપ્યું છે ને! નદી કિનારે પાગલ બેઠો હતો ત્યાં કુદરતી રાજાએ પડાવ નાંખ્યો એટલે માણસો હાથી, ઘોડા, પાલખી વગેરે આવવા લાગ્યું તો આ પાગલને એમ થયું કે આ બધું મારા માટે આવ્યું છે. ત્યાં થોડીવાર થઈ એટલે જમવાનું પતાવીને બધા ચાલવા લાગ્યા ત્યાં તો પાગલ કહે કે મને પૂછયા વિના બધા કેમ જવા લાગ્યા છો?...અરે, અમે તો અમારા કારણે આવ્યા અને અમારા કારણે જઈએ છીએ. ત્યાં તું કયાં માલિક બનવા આવ્યો? પાગલ છો.

દૃષ્ટાંતના પાગલની જેમ, આ જીવ પણ, સ્ત્રી આવે, પુત્ર આવે, પૈસા આવે વગેરે બધું પોતાના કારણે આવે છે ત્યાં આ એમ માને છે કે આ બધું મારું છે. એનું બરાબર ધ્યાન રાખે છે પણ ભાઈ! એ તારા કારણે આવ્યા નથી, એ તો એની મુદ્દત પૂરી થયે ચાલ્યા જવાના છે. તું મફતની મમતા કરીને ભ્રમણામાં ભૂલી રહ્યો છો.

શ્રોતાઃ—બહુ ભૂલ્યો આ તો!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—અરે! એવો ભૂલ્યો કે ભીંતમાંથી બહાર નીકળવા માંગે છે. બારણમાંથી નીકળવાને બદલે બહાર નીકળવા માટે ભીંતમાં માથા પછાડવા જેવી મૂર્ખાઈ કરી રહ્યો છે.

અહીં તો આચાર્યમહારાજ બહુ ટૂંકી ભાષામાં જ્ઞાની તથા અજ્ઞાનીના કાર્યને કહે છે કે જ્ઞાની જ્ઞાનને કરે છે અને અજ્ઞાની અજ્ઞાન કરે છે. જડના કાર્યને જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરતું નથી. જડકર્મને પુદ્ગલ કરે છે. આ ત્રણ મહાસિદ્ધાંત એક ગાથામાં આવી ગયા છે.

જેણે પુણ્ય-પાપરહિત આત્માને જાણ્યો તે જ ખરેખર આત્મા થયો એ આત્મા પોતાના નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આદિ નિર્મળ પરિણામને કરે છે. આમ તો આત્મા અન તેના નિર્મળ પરિણામ એવા ભેદ પડતા હોવાથી તેનો કર્તા આત્માને કહેવો તે ઉપચાર છે પણ અહીં તો આત્મા પરનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે એટલે જ્ઞાનીને જ્ઞાનનો કર્તા કહ્યો છે.

અજ્ઞાની અજ્ઞાનને કરે છે. અજ્ઞાન એટલે અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે

તેમાં જ્ઞાનનો અંશ નથી માટે તે વિકારી પરિણામ છે તેને અજ્ઞાની કરે છે. અજ્ઞાની પોતાના નિર્મળસ્વભાવને તો ભૂલી ગયો છે. તેથી પુણ્ય-પાપ પરિણામને જ મારા માનીને કરે છે.

દ્રવ્યકર્મનો કર્તા પુદ્ગલ છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય આદિ દ્રવ્યકર્મનો કર્તા એ કર્મના પરમાણુ પોતે જ છે. કર્મના પરમાણુ દર્શનાવરણી આદિ જુદી જુદી પ્રકૃતિરૂપે પરિણમે છે. જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ તે કર્મના પરિણામને કરતાં નથી.

હવે ૧૭મો કળશ કહે છે તે બધાં બાળકોને ક્લાસમાં ભણવામાં પણ શીખડાવવામાં આવે છે. તેમાં કહે છે કે જ્ઞાનનો કર્તા જીવ જ છે. અન્ય નથી.

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥ १७ ॥

અર્થ:—જ્ઞાનરૂપ આત્મા જ જ્ઞાનનો કર્તા છે, બીજો નથી. દ્રવ્યકર્મને જીવ કરે છે એ વ્યવહાર વચન છે.

અહીં કહે છે આત્માને પરભાવનો કર્તા માનવો તે મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન છે. હવે આમાં દીકરીને સારા ઠેકાણે પરણાવવી, દીકરાને સારી લાઈને ચડાવવો, નીરોગી પૈસાવાળો જમાઈ ગોતવો...આબરૂ વધારવી એવા બધા કામ ડાહ્યાં માણસ કરી શકે છે એ વાત ક્યાં રહી?...પણ આ ચાર ચાર દીકરીઓ જુવાન થઈ છે તેને ઠેકાણે પાડું પછી ધર્મ કરવા માટે કાંઈક નવરાશ મળે...દીકરાને એવા ઠેકાણે પરણાવ્યો છે કે સામેથી મદદ મળે એવું છે અને એને એક જ દીકરી છે એટલે વારસો પણ મારા દીકરાને મળશે...જેને છોકરા ન હોય તે બીજાંને ખોળે બેસાડે...આવા બધા અનેક પ્રકારના મોહવાળા જીવો હોય છે તે બધા મોટા મૂરખ છે. પરદ્રવ્યની ક્રિયા મેં વ્યવસ્થિત કરી દીધી એવી તારી માન્યતા જ મોટી મૂર્ખાઈ ભરેલી છે.

**मोहोऽयं व्यवहारिणाम्**નો અર્થ કળશટીકામાં 'મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન છે' એવો કર્યો છે તે બરાબર છે. મિથ્યાદૃષ્ટિની એવી ખોટી માન્યતા છે. પરભાવને આત્મા કરી શકતો નથી એ વસ્તુસ્થિતિ છે પણ તેનું બહાનું બનાવીને બીજાંને રૂપિયા દેવાના હોય છતાં એમ કહે કે હું પૈસા દઈ શકતો નથી માટે દેતો નથી...એવી ખોટી વાત ન ચાલે. જીવ પોતાના પરિણામને તો કરી શકે છે. પરની ક્રિયાને કરી શકતો નથી પણ પૈસા દેવાના તારા ભાવ જ નથી એનું શું!

ग्यान सरूपी आतमा, करै ग्यान नहि और ।
दरब करम चेतन करै, यह विवहारी दौर ॥ १८ ॥

અથ:—જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાન જ કરે, બીજું કાંઈ ન કરે. દ્રવ્યકર્મને જીવ

કરે છે એમ કહેવાય છે તે તો માત્ર વ્યવહારવચન છે. તો પ્રશ્ન થાય કે શ્રાવક છ આવશ્યકના કાર્યને તો કરે કે નહિ ? (૧) દેવપૂજા (૨) ગુરુ-ઉપાસના (૩) સ્વાધ્યાય (૪) સંયમ (૫) તપ અને (૬) દાન આ છ તો શ્રાવકે હંમેશા કર્તવ્ય છે એમ શાસ્ત્રમાં પણ કહ્યું છે...ભાઈ ! એ તો શ્રાવકની ભૂમિકામાં આવા પરિણામ આવે છે તેનું શાસ્ત્રમાં જ્ઞાન કરાવ્યું છે. ' શ્રાવકે છ આવશ્યક નિરંતર કરવા ' એટલે શ્રાવકે પોતાને આવા પરિણામ આવે છે તેને જાણવા—એમ ભાવ છે. શાસ્ત્રના ભાવને સમજવા ભારે કઠણ છે. નિયમથી કરવાયોગ્ય તો ' હું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું ' એવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કર્તવ્ય છે.

ન્યાલભાઈને કોઈએ પ્રશ્ન પૂછ્યો હશે કે સ્થિરતા કેમ થતી નથી ?—તો કહે, સ્થિર એવી વસ્તુને પકડી નથી તેથી સ્થિરતા થતી નથી. અસ્થિર એવા રાગના પરિણામ અને એક સમયની પર્યાયને પકડી છે તે તો અસ્થિર છે માટે અસ્થિર જ રહેશે. પરિણામને પકડનારો સ્થિર ન થઈ શકે. નિત્યાનંદપ્રભુ આત્મા સ્થિર છે તેને પકડતાં પરિણામ ત્યાં સ્થિર થઈ જાય છે. એ પરિણામનો કર્તા આત્મા છે એમ ભેદથી કથન થાય. માટે કહ્યું ને ! જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનને જ કરે છે, બીજું કાંઈ કરતો નથી.

દ્રવ્યકર્મને જીવ કરે છે એ મૂઢ જીવોનું વ્યવહારવચન છે. સજ્ઝાયમાળામાં બધા એવા જ કથન છે કે આત્મા કર્મને કરે છે, કર્મને બાંધે છે અને કર્મને ભોગવે છે અનાથી મુનિનું તેમા એક દૃષ્ટાંત આવે છે...હું રે અનાથી નિર્ગ્રંથ શ્રેણિકરાય !

મેં છોડયો સકલ આ સંગ રે, શ્રેણિકરાય ! હું અનાથી નિર્ગ્રંથ...

શ્રેણિકરાજા હાથીના હોદ્દે બહાર નીકળ્યા હતા ત્યાં બાવળના ઝાડ નીચે એક મુનિને બેઠેલા જોઈને નીચે ઉતરી વંદન કરીને રાજા કહે છે મહારાજ ! આપ તો રાજમાં રહેવાને યોગ્ય છો અને આવી અનાથદશામાં શા માટે ! મારી સાથે રાજમાં ચાલો. ત્યારે મુનિ કહે છે, રાજન્ ! હું અનાથ હતો માટે તો અહીં આત્માનું શરણ લેવા આવ્યો છું. અનાથ તો અત્યારે તું છો...સાહેબ ! મને આપે ઓળખ્યો નહિ. મારે તો મોટું રાજ છે, રાણીઓ છે. ધનવૈભવ છે. હું અનાથ નથી...તને રાજા છો એમ ઓળખીને જ કહું છું કે તું અનાથ છો શ્રેણિક !...હું અનાથની વ્યાખ્યા સમજ્યો નહિ સાહેબ !...ચૈતન્યભગવાન શરણ છે તેના શરણે તું ગયો નથી અને રાગાદિના શરણે પડ્યો છે માટે તું અનાથ છો, તારી રક્ષા કરનાર કોઈ નથી. તું ભિખારી છો. ધૂળના રાજને ધન-વૈભવ કોઈ શરણ થવાના નથી. માટે તને ઓળખીને જ અનાથ કહું છું.

અહીં કહે છે કે અજ્ઞાની જીવ પણ જડકર્મને કરતો નથી, એ અજ્ઞાનને કરે

પણ જડકર્મનું કાર્ય એનું નથી. અજ્ઞાનીને અજ્ઞાન તો એવું જોરદાર છે કે કામકાજ બધું છોકરાઓ કરે પણ દોર પોતાના હાથમાં રાખે. ઘેર બેઠાં પણ બધો હિસાબ મંગાવે...અહીં આચાર્યદેવ કહે છે કે ભ્રમણાથી ભૂલેલો અજ્ઞાની બહુ તો રાગ-દ્વેષ અને સંકલ્પ-વિકલ્પ કરે છે પણ પરદ્રવ્યમાં કાંઈ ફેરફાર કરી શકતો નથી. એક આંખની પાંપણ ચલાવવાની પણ તેનામાં તાકાત નથી.

જુઓ! કર્મનું બંધન તો એવું છે કે જીવ જેવા મેલા પરિણામ કરે એવા જ કર્મ બંધાય છતાં તેનો કર્તા પોતાને માને તે મૂઢ છે તો બહારમાં વેપાર-ધંધા, મકાન આદિ કાર્ય તો જીવના ભાવ પ્રમાણે થતાં પણ નથી છતાં તેનો કર્તા પોતાને માને છે એ એની કેટલી મૂઢતા છે! જીવ જડના કાર્ય કેવી રીતે કરે! માત્ર અજ્ઞાન કરે છે.

આ ૧૭ મો શ્લોક સાંભળીને શિષ્યને શંકા થાય છે કે જીવ માત્ર ભાવને જ જ કરે, કર્મને કરતો નથી એમ આપ કહો છો તે અમને કાંઈ સમજાતું નથી તે વિષયમાં પ્રશ્ન કરે છે.

पुग्गलकर्म करै नहि जीव,
कही तुम मैं समुझी नहि तैसी ।
कौन करै यह रूप कहौ अब,
को करता करनी कहु कैसी ॥
आपुही आपु मिलै बिछुरे जड,
क्यौ करि मो मन संसय ऐसी ?
सिष्य संदेह निवारन कारन,
बात कहै गुरु है कछु जैसी ॥ १९ ॥

અર્થ :- પુદ્દગલ-કર્મને જીવ કરતો નથી એવું આપે કહ્યું તે મારા સમજવામાં આવતું નથી. કર્મનો કર્તા કોણ છે અને તેની કેવી ક્રિયા છે? આ અચેતનકર્મ પોતાની મેળે જીવ સાથે કેવી રીતે બંધાય છે અને છૂટે છે? મને આ શંકા છે. શિષ્યની આ શંકાનું નિવારણ કરવા માટે શ્રીગુરુ પુદ્દગલકર્મનું સ્વરૂપ જેમ છે તેમ સમજાવે છે.

ઘણાંને વર્તમાનમાં પણ આવો જ પ્રશ્ન ઊઠે છે કે ઉમાસ્વામીએ મોક્ષશાસ્ત્રના સૂત્રમાં કહ્યું છે કે છ પ્રકારના જ્ઞાનની અશાતનાના પરિણામથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે. એ જ રીતે આઠેય કર્મ કેવા કેવા પરિણામથી બંધાય છે તે બતાવ્યું છે અને આપ કહો છો કે જીવ કર્મને કરતો નથી તો અમારે કેવી રીતે સમજવું! શું જ્ઞાનાવરણીય દર્શનાવરણી, મોહનીય આદિ જડકર્મ પોતે પોતાની મેળે બંધાય છે

અને છૂટે છે? જીવ વિકાર કરે ત્યારે જ કર્મ બંધાય છે ને! એટલી તો એમાં અપેક્ષા આવી ને!

ભાઈ! સાંભળ! કર્મ પણ બંધાય એવી યોગ્યતાવાળા રજકણો જીવની નજીકમાં પડેલા જ છે તે પોતાની લાયકાતથી બંધાય છે અને છૂટે છે, જીવના વિકારથી તે બંધાતા નથી. શિષ્યના સમાધાન માટે ૨૦મા પદમાં ગુરુ સમજાવે છે.

पुद्गल परिनामी दरब सदा परिनवै सोइ ।
यातैं पुद्गल करमको पुद्गल करता होइ ।। २० ।।

અર્થ :- પુદ્ગલ દ્રવ્ય પરિણામી છે. તે સદૈવ પરિણમન કર્યા કરે છે, તેથી પુદ્ગલ કર્મનો પુદ્ગલ જ કર્તા છે.

પુદ્ગલ પરમાણુનો સ્વભાવ કૂટસ્થ રહેવાનો નથી. તે સદા પરિણમ્યા કરે છે. જેની જે શક્તિ હોય તેને બીજાની અપેક્ષા હોતી નથી. પુદ્ગલ સ્વયં પરિણમન સ્વભાવી હોવાથી તેને જીવની અપેક્ષા નથી, તે સ્વયં પરિણમે છે. જેનામાં જે શક્તિ ન હોય તે બીજું દ્રવ્ય આપી શકતું નથી. પુદ્ગલમાં કર્મરૂપે પરિણમવાની શક્તિ ન હોય તો જીવની તાકાત નથી કે તેને પરિણમાવી શકે. માટે, જીવ વિકાર કરે છે માટે પુદ્ગલ કર્મરૂપે પરિણમે છે એમ નથી. કાર્મણવર્ગણા પોતાની યોગ્યતાથી જ કર્મરૂપે પરિણમે છે.

અન્યમતી ઈશ્વરને કર્તા માને અને જૈનો કર્મને કર્તા માને તે બંને વાત જૂઠી છે. સૌ દ્રવ્ય પોતે જ પોતાના પરિણામના કર્તા છે એવો જ વસ્તુનો સ્વભાવ છે.

અજ્ઞાની કહે છે 'જીવ વિકાર કરે તો કર્મ બંધાય અને જીવ ધર્મ કરે તો કર્મ છૂટી જાય એમ કહો તો એ વાત અમને બેસે છે પણ કર્મ સ્વયં છૂટે છે એ વાત બેસતી નથી.' શાસ્ત્રમાં વ્યવહારના કથનો આવે તેને જીવ પકડી લે છે અને તેની પાછળ મૂળ નિશ્ચય કહેવો છે તેને ગ્રહણ કરતાં નથી તેથી ઝઘડા ઊભા થાય છે. વળી એમ કહે કે સમયસારમાંથી પણ આ વાત કાઢી દઉં કે વ્યવહારની ક્રિયાથી ધર્મ થાય છે, પરનું કાર્ય જીવ કરી શકે છે વગેરે...ભાઈ! અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. તમે આવું મોટું નામ ધરાવો છો અને ચર્ચા કરવાની ના કહો છો તો લોકો તમારા માટે શું ધારશે?...લોકો ગમે તેમ ભલે ધારે...અમને ભાન વિનાના ધારે તોપણ એ સ્વતંત્ર છે. એમાં અમને કાંઈ નુકશાન નથી. ચશ્મા હોય તો જ્ઞાન થાય અને ચશ્મા ન હોય તો જ્ઞાન ન થાય એવું જેને શલ્ય પડ્યું છે તેને શી રીતે સમજાવવું! જ્ઞાન જાણનારથી થાય છે, જ્ઞેયથી કે નિમિત્તથી થતું નથી. જાણનાર વિના કોણ જાણે?

પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન આ ઉપયોગના બાર પ્રકાર છે તે બારેય પ્રકારના ઉપયોગનું પરિણમન જે સમયે જેવું થવાયોગ્ય હોય તેવું પોતાના દ્રવ્યને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને થતું નથી.

સામે દલીલ એમ કરે કે ચશ્મા ઉતારી નાંખો તો જ્ઞાન થશે? ભાઈ! જ્ઞાન ન થાય એ પણ જ્ઞાનની એવી યોગ્યતાના કારણે ન થાય. ચશ્મા નથી માટે જ્ઞાન થતું નથી એમ નથી. પરદ્રવ્યના કારણે આત્મામાં કાંઈ ફેરફાર થાય જ નહિ. જાણવું થાય છે તે પણ પોતાથી થાય છે અને અમુક જાણવું ન થાય એ પણ પોતાની યોગ્યતાથી એમ બને છે.

અજ્ઞાનીની ભ્રમણા પણ એવી હોય છે કે તેને કોઈ સમજાવી શકતું નથી. સાધુ નામ ધરાવતાં હોય પણ દૃષ્ટિ જ વિપરીત હોય છે.

અહીં કહે છે કે પુદ્‌ગલ દ્રવ્ય સદા પરિણામી છે. નિરંતર ધારાવાહી પરિણમન અનાદિથી ચાલુ જ છે. તેમાં કર્મ થવાયોગ્ય તેનું પરિણમન હોય ત્યારે તે કર્મરૂપે સ્વયં પરિણમે છે. જીવ તેને પરિણમાવતો નથી. પુદ્‌ગલ કર્મરૂપે કેમ પરિણમ્યા?—કે એનો પરિણમવાનો સ્વભાવ છે માટે કર્મરૂપે પરિણમ્યા છે. કર્મ છૂટી કેમ ગયા?—કે એનો બદલવાનો સ્વભાવ છે માટે કર્મ અવસ્થા બદલીને અકર્મરૂપ થયા છે. જીવે ધર્મ કર્યો માટે કર્મ છૂટી ગયા એમ નથી.

વસ્તુના આવા સ્વભાવના ભાન વિના સામાયિક અને પોષા આદિ કરે પણ એ બધું રણમાં પોક મૂકવા જેવું થાય છે.

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર, વેદનીય અને આયુ આદિરૂપે કર્મ પોતાના પરિણમનસ્વભાવથી પરિણમે છે. જીવે વિકાર કર્યો માટે પુદ્‌ગલને કર્મરૂપે પરિણમવું પડયું એમ નથી. જેમ ત્રાજવાના એક પલ્લામાં શેર મૂકયું તો સામે એટલાં જ વજનવાળી વસ્તુ મૂકો તો ત્રાજવાનો કાંટો વચ્ચે આવે છે તો શું એ વસ્તુ કાંટાને વચ્ચે લઈ આવી કે ત્રાજવાના કાંટાનો એવો સ્વભાવ છે માટે આવ્યો? કાંટો પોતાના પરિણમનની યોગ્યતાથી એમ પરિણમે છે. બીજા કોઈની તાકાત નથી કે તેને પરિણમાવી શકે.

આ પુદ્‌ગલના પરિણમનની વાત છે એવી જ રીતે બાપુ! તારી પર્યાય પણ તારા સ્વભાવથી પરિણમે છે તેને કોઈ અન્ય દ્રવ્ય પરિણમાવી શકતું નથી. વસ્તુના આવા સ્વભાવો છે તેનાથી વિપરીત માને તો એને મિથ્યાત્વ શલ્ય લાગે છે. વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું જોઈએ. (પુદ્‌ગલની વાત કરી હવે જીવની વાત કહેશે.) [ક્રમશઃ]

[ સુવર્ણપુરી સમાચાર....ટાઇટલ ૨થી ચાલુ ]

સમૂહ ગુરુભક્તિ, મહોત્સવ-ઉચિત અનેકવિધ ભવ્ય શ્રૃંગારથી સજાવેલ શ્રી પરમાગમ-મંદિરમાં શ્રી સોલહકારણભાવના-મંડલવિધાનપૂજા, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર-પ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે ગુરુભક્તિ, ટેપ-પ્રવચન અને છેલ્લે સાંસ્કૃતિક કાર્યક્રમ—એ રીતે આનંદોલ્લાસપૂર્વક નિયમિત કાર્યક્રમ રહ્યો હતો.

મંગલ ગુરુજન્મોત્સવના આનંદોપલક્ષમાં તા. ૧૮-૪-૯૬ના રોજ બપોરે ધાતકી વિદેહના ભાવિ-તીર્થંકરદેવના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત મનોહર એ ગંધકૂટી પર સછત્ર સિંહાસન બિરાજમાન એ વિદેહીનાથનો 'સમવસરણ વિહાર' બધા ભક્તોને અત્યંત આનંદદાયી અનુભૂત થતો હતો. આ ભવ્ય રથોત્સવમાં વિવિધ ભવ્ય શણગાર સહિત કહાન-કુંવરના પારણાઝૂલનનો એક મનોહર ફ્લોટ-(FLOAT-કે જેની બોલી મલાડનિવાસી શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી-પરિવારે ગુરુભક્તિભીના અત્યંત આનંદોલ્લાસ સહિત લીધી હતી. તે ફ્લોટ બધાનું ગુરુમહિમાયુક્તચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. આ ભવ્ય રથયાત્રાના દર્શન માટે સોનગઢની જનતા પણ જગ્યાએ જગ્યાએ એકત્રિત થઈ હતી. ત્રણે ભજનમંડળીએ રથોત્સવમાં ગુરુભક્તિનું આનંદમય વાતાવરણ બનાવી દીધું હતું.

ગુરુજન્મોત્સવના આ મંગળ અવસરે સર્વશ્રી ડૉ. પ્રવિણભાઈ દોશી (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ, બ્ર. વ્રજલાલભાઈ શાહ, હિંમતભાઈ ડગલી (વિંછીયા)એ ગુરુભક્તિભીના હૃદયે સુંદર શાસ્ત્રપ્રવચન કર્યા હતા.

ગુરુજન્મજયંતીના મંગલ દિને, પૂજ્ય કહાનગુરુના પૂર્વભવ સાથે સંબંધીત જમ્બૂપૂર્વવિદેહક્ષેત્રનું નૌબલપુરનગર, ફતેહમંદ રાજકુમાર (પૂજ્ય ગુરુદેવ) પોતાના રાજમહેલથી હાથીની સવારીએ તથા શ્રેષ્ઠિપુત્ર દેવકુમાર (પૂજ્ય બહેનશ્રી) પોતાના રથમાં બેસીને શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં જઈ રહ્યા છે—એવા ભવ્યદશ્યથી વિભૂષિત પ્રવચનમંચ ઉપર બિરાજીત પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ પ્રાતઃ ગુરુદર્શન તેમ જ સદ્ગુરુસ્તુતિ, પ્રણિપાતસ્તુતિ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું વિડીયો માંગલિક અને ગુરુભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ મંડલવિધાનપૂજા અને તેનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન તથા ત્યારબાદ 'મંગલવર્ધિની' ગાડીમાં બિરાજીત પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચનમંચ પર આગમન. 'મંગલવર્ધિની'માં બિરાજીત પૂજ્ય ગુરુદેવશ્રીના (સ્ટેચ્યુ)ના દર્શન કરતાં મુમુક્ષુઓના હૃદય અત્યંત ભાવ વિભોર થઈ ગયા હતા; જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ પધારી રહ્યા હોય !! ત્યારબાદ આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ દ્વારા સમસ્ત મુમુક્ષુસમાજ તરફથી ગુરુદેવશ્રી પ્રત્યે "मधुरापतिः कानजीस्वामी अखिलो मधुरः"—ભક્તિગીત દ્વારા ઉપકૃતભાવથી ગુણાનુવાદરૂપ

અભિવાદન; રજતનિર્મિત 'ગુરુચરણ' તેમ જ અક્ષતાદિ 'વધાઈ' વડે ગુરુદેવ સમક્ષ 'ગુરુ-જન્મવધાઈ'નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બપોરે શાસ્ત્રવાંચન, ગુરુભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે આરતી, તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન—એ રીતે ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આ પ્રસંગે કાયમીમંડલવિધાનપૂજા ૪૫ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક ૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

* ગુરુ-જન્મોત્સવના પ્રથમ દિને (તા. ૧૫-૪-૯૬) શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી (૧) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સ્વાનુભવભીની ધર્મચર્ચાની ઓડિયો કેસેટ (૬ કેસેટ)નો બીજો સેટ; (૨) 'પરમાગમપીયૂષ'નું (પંચપરમાગમના આ૦ પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ દ્વારા રચિત ગુર્જર પદ્યાનુવાદનું નાગરી લિપિમાં) પ્રકાશન તથા (૩) 'સોલહકારણભાવના'—પુસ્તકનું ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના શુભહસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

મંગલ ગુરુજન્મોત્સવના અવસર પર પાંચ દિવસ સમાગત મહેમાનોને માટે બંને ટાઈમનું તેમ જ સ્થાનિક મુમુક્ષુસમાજ માટે સવારનું જમણ બૃહદ્ મુંબઈનિવાસી યુવક મંડળ તરફથી રાખવામાં આવ્યું હતું. તદુપરાંત કેટલાક મહાનુભાવોએ 'સ્વામીવાત્સલ્ય' ભોજન આપ્યું હતું.

## પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મ-જયંતીના ઉપલક્ષમાં પ્રવચન-કેસેટમાં ડિસ્કાઉન્ટ આપવા માટે

રૂા. ૩૦૦૦ સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયા, રાજકોટ
રૂા. ૨૦૦૦ શ્રીમતી જીવીબેન ખેતશીભાઈ હરીયા, લંડન હસ્તે શીતલબેન
રૂા. ૨૦૦૦ લલીતાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ હસ્તે બ્ર. શારદાબેન
રૂા. ૧૦૦૧ સ્વ. ઇચ્છાબેન વી. દોશી હસ્તે શાનુબેન, રાજકોટ
રૂા. ૧૦૦૧ સ્વ. ચંદુલાલ સી. દોશી, રાજકોટ હસ્તે જેઠીબેન દોશી
રૂા. ૪૦૦૦ શ્રી કાંતિભાઈ અમીચંદ કામદાર, મદ્રાસ
રૂા. ૧૦૦૧ સ્વ. સુવર્ણાબેન લાલચંદ શેઠ, લીંબડી
રૂા. ૫૦૧ શ્રી કિશોરભાઈ વીરચંદભાઈ મોટાણી, મુંબઈ
રૂા. ૨૫૧ સ્વ. નગીનદાસ નારાયણદાસ શાહ, સુરેન્દ્રનગર
રૂા. ૨૦૦ શ્રી પ્રવિણાબેન ધીરજલાલ શાહ, મસ્કત
રૂા. ૨/— પ્રતિ કેસેટ દાદર મુમુક્ષુ મંડળ તથા રૂા. ૨/— પ્રતિ કેસેટ શ્રી જયકુમારજી જૈન, દિલ્હી—તરફથી જાહેર કરવામાં આવ્યા હતા.

* ગુરુ-જન્મોત્સવના આ મંગલ અવસર પર સંસ્થાને નીચે મુજબ દાનરાશિ પ્રાપ્ત થઈ હતી—

| | |
|---|---|
| * કુંદકુંદ-કહાન-પરિવાર-યુવક-મંડળ બૃહદ્ મુંબઈ | ૧,૫૧,૦૦૦–૦૦ |
| * પ્રાસંગિક મંડલવિધાન ખાતે | ૭૦૦૭–૦૦ |
| * રૂા. ૧૦૦૧ની જન્મવધાઈના ૧૦૦૧ × ૫૧ | ૫૧,૦૫૧–૦૦ |
| * રૂા. ૫૦૧ની જન્મવધાઈના ૫૦૧ × ૫૧૬ | ૨,૫૮,૫૧૬–૦૦ |
| * રથયાત્રાબોલી | ૧,૬૯,૬૧૩–૦૦ |
| * જિનેન્દ્ર–આરતી | ૩,૨૯૨–૫૦ |
| * રથયાત્રા, પારણાઝૂલનમાં | ૧૫,૭૮૧–૦૦ |
| * વૈશાખ સુદ ૨ જન્મવધાઈ સ્ટેજ ઉપર | ૪૧,૪૦૫–૦૦ |
| * જન્મજયંતી મહોત્સવ ખાતે | ૨,૫૩,૦૦૦–૦૦ |
| * અન્ય આવક | ૧૬,૧૦૦–૦૦ |
| * પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અમૃતવાણી ભાગ-૨ ઓડિયો કેસેટ પ્રચાર–પ્રસાર ખાતે | ૬૪,૭૨૭–૦૦ |
| * ૧,૩૯૭ × ૧૦૭ | ૧,૪૯,૪૭૯–૦૦ |
| | ૧૧,૮૦,૯૭૧–૫૦ |

કાયમી ફંડમાં પ્રાપ્ત દાનરાશિ

| | | |
|---|---|---|
| * ભોજનાલય ધ્રુવફંડ | ૧,૨૫,૨૯૭–૦૦ | |
| * કાયમી મંડલવિધાનપૂજા | ૫૦,૦૦૫–૦૦ | ૧,૯૫,૩૦૬–૦૦ |
| * જૈન અતિથિ સેવા સમિતિમાં ફોટા ખાતે | ૨૦,૦૦૪–૦૦ | |
| | કુલ રૂા. | ૧૩,૭૬,૨૭૭–૫૦ |

* વિંછીયા ( સૌરાષ્ટ્ર )ના શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત તેમ જ કહાનગુરુ-પ્રતિકૃતિ–સંસ્થાપનનો મંગલ મહોત્સવ વૈશાખ સુદ ૩, તા. ૨૦–૪–૯૬ના રોજ પરમપૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય ભગવતી માતાના ધર્મોપકારના પ્રતાપે આનંદોલ્લાસ સહ સંપન્ન થયેલ. આ મંગલ મહોત્સવમાં વિભિન્ન વિધિ કરવાનું સૌભાગ્ય નીચે દર્શાવેલ મહાનુભાવોને પ્રાપ્ત થયેલ—

(૧) શ્રી ચંદ્રપ્રભ દિ. જિનમંદિરના ગર્ભગૃહના સંગેમર્મરનિર્મિત નૂતન ભવ્ય દ્વારની ઉદ્ઘાટનવિધિ સાયન ( મુંબઈ ) નિવાસી શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારના શુભહસ્તે, (૨) ૐકારના તથા નંદ્યાવર્ત–સ્વસ્તિકના શિલાપટની અનાવરણવિધિ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરાના શુભહસ્તે સંપન્ન

થઈ હતી. (૩) પૂજ્ય ગુરુદેવશ્રીની સંગેમર્મરનિર્મિત ભવ્ય પ્રતિકૃતિના નિર્માણખર્ચનો લાભ શ્રી રૂપાળીબેન અમરચંદ ડગલી (હસ્તે શ્રી પ્રજ્ઞાબેન ડગલી તથા શ્રી ચેતનાબેન ડગલી)એ લીધો હતો. (૪) ગુરુ–પ્રતિકૃતિ–સંસ્થાપનનો અમૂલ્ય લાભ શ્રી અમરચંદ વાલજીભાઈ ડગલી–પરિવાર (હસ્તે શ્રી રસિકભાઈ ડગલી તેમ જ શ્રી જિનબાળ ડગલી)ને સંપ્રાપ્ત થયો હતો. (૫) શ્રી સમયસાર આદિ પંચપરમાગમ, ષટ્ખંડાગમ (એક પુસ્તક), પરમાગમપ્રકાશ, ગુરુદેવશ્રીનાં વચનામૃત, બહેનશ્રીનાં વચનામૃત, બહેનશ્રીનો જ્ઞાનવૈભવ—આ શ્રી જિનવાણી બિરાજમાન કરવાનો ભક્તિભાવભીનો લાભ વિભિન્ન મુમુક્ષુ પરિવારે અતિ આનંદોત્સાહપૂર્વક લીધો હતો.

આ મંગલ અવસરે ધાતકીખંડ–વિદેહક્ષેત્રના ભાવિ જિનવરના સમવસરણ વિહાર—રથયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જે વિંછીયાશહેર માટે અભૂતપૂર્વ હતું. આ મહોત્સવમાં સોનગઢ, રાજકોટ, જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, વઢવાણ, બોટાદ, જસદણ, રાણપુર, મુંબઈ આદિ અનેક ગામના ૧૫૦૦થી વધુ મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. આ પ્રસંગે સ્વામીવાત્સલ્ય ભોજન–નાસ્તો આદિ વિંછીયાનિવાસી શ્રી હરિલાલ મોહનલાલ ટોળીયા–પરિવાર તરફથી રાખવામાં આવ્યા હતા. આ પ્રસંગે સવા નવ લાખ રૂપિયાની દાનરાશિ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, વિંછીયાને પ્રાપ્ત થઈ હતી.

* પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની છઠ્ઠી સાંવત્સરિક સમાધિતિથિ તા. ૨–૫–૯૬ થી તા. ૬–૫–૯૬ (વૈશાખ વદ–૩)—પાંચ દિવસ ધાર્મિક કાર્યક્રમના રૂપમાં, તેઓશ્રીના જ્ઞાન–વૈરાગ્ય–સ્વરૂપસાધના તેમ જ ઉપકારોના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીન વાતાવરણમાં સાદગીથી સંપન્ન થઈ. બહારગામના મુમુક્ષુમહેમાનોની ઉપસ્થિતિના કારણે આ પ્રસંગે આયોજિત શ્રી પંચપરમેષ્ઠિમંડળવિધાન પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પૂરું ભરાઈ જતું હતું. સવાર–સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન ઉપરાંત બપોરે પાંચે દિવસ 'બહેનશ્રીની સાધના અને વાણી' ગ્રંથ ઉપર શાસ્ત્રવાંચન થયા હતા. તે વખતે બહેનશ્રી દ્વારા લઘુ વયમાં કરવામાં આવેલી સાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમ જ ભવાબ્ધિતારિણી 'અનુભવીની અમૃતવાણી' વગેરે સાંભળતાં, તેમ જ ઉપકાર-સ્મરણથી ભક્તોના હૃદય વિરહવેદનાથી દ્રવિત થઈ જતા હતા. સમાધિતિથિ (વૈશાખ વદ–૩)ના રોજ શ્રી પંચપરમેષ્ઠિમંડળ વિધાનપૂજાના સમાપન બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે સમયે પણ તેઓની ઉપકારસ્મૃતિ તીવ્રતાથી જાગી ઉઠતાં અનેકના હૃદય દ્રવિત અને નેત્ર અશ્રુભીના થઈ ગયા હતા.

[ સ્થળસંકોચના કારણે વૈરાગ્ય-સમાચાર આવતા અંકે ]

મુંબઈનગરીના પાર્લા ઉપનગરમાં
શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનાલયનો

## 卐 વેદી-શિલાન્યાસ-મહોત્સવ 卐

આનંદોલ્લાસ સહ જણાવવાનું કે શ્રી મુંબઈ મહાનગરીના પાર્લા ઉપનગરનમાં, જિનેન્દ્ર-અધ્યાત્મમાર્ગ-પ્રવર્તક પરમ-તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ તેમના ભક્ત પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના અસીમ ધર્મોપકારપ્રતાપે, શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મ-શુદ્ધામ્નાયાનુયાયી શ્રી કુંદકુંદ-કહાન-દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રૂઝ (મુંબઈ) દ્વારા વિદેહીનાથ શ્રી સીમંધર સ્વામી દિગમ્બર જિનાલયનું નિર્માણ થનાર છે. નિર્માણાધીન આ ભવ્ય જિનાલય માટે સમુચિત સ્થાન ઉપલબ્ધ થઈ ગયેલ છે. આ નૂતન જિનાલયની વેદીનો શિલાન્યાસ જેઠ સુદ ૫ (શ્રુતપંચમી), બુધવાર, તા. ૨૨-૫-૯૬ના રોજ સવારે સંપન્ન થશે.

### * પૂજ્ય બહેનશ્રીનો ૮૩મો જન્મોત્સવ *

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૮૩મો મંગલકારી જન્મોત્સવ આગામી શ્રાવણ સુદ ૯, શુક્રવાર, તા. ૨૩-૮-૯૬ થી શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૩૦-૮-૯૬—આઠ દિવસ સુધી કહાનગુરુ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢના ટ્રસ્ટી તથા મંત્રી શ્રી ચિમનલાલભાઈ ઠાકરશી મોદી-પરિવાર તરફથી વિશેષ આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે.

* વૈશાખ વદ ૬, બુધવાર, તા. ૮-૫-૯૬ના રોજ શ્રી સમવસરણની ૫૫મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે પૂજાભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* વૈશાખ વદ ૮, શુક્રવાર, તા. ૧૦-૫-૯૬ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના સાધના-સ્થળ શ્રી સ્વાધ્યાયમંદિરના ઉદ્ઘાટન તેમ જ તેમાં પૂજ્ય બહેનશ્રીના કરકમળ દ્વારા થયેલી પરમાગમ શ્રી સમયસારજીની મંગલ પ્રતિષ્ઠાનો ૫૯મો વાર્ષિકદિન પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* જેઠ સુદ ૫, બુધવાર, તા. ૨૨-૫-૯૬ના રોજ શ્રુતપંચમી-પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે. —*—

## જિજ્ઞાસુએ ધ્રુવને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો. અધિક એટલે પરથી ભિન્ન. સમયસારની ૩૧મી ગાથામાં આવે છે : '**णाणसहावाधिअं मुणदि आदं**'—...જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્માને. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી—વિષયોમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પણ આવી ગયા—ભિન્ન પોતાના પૂર્ણજ્ઞાન-સ્વભાવી આત્માની નિર્મળ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને સાથેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A ૧૦૦ શ્રી દિલીપકુમાર આનંદીલાલ શાહ
" આનંદી મંગલમ " વાસણના વેપારી,
આળવાડા, ડેળીફળી, મુ. વડોદરા